BAUG-É-DAUNESH

OR

A FREE TRANSLATION

Of 50--125 Pages

OF

THE NEW ROYAL READERS No. III

Containing Moral Stories, Narratives, Natural History and Useful Knowledge, Poetry and Diologues.

BY

PESTONJI MOTÁBHÁI KÁRKHÁNÁVÁLÁ

Assistant Teacher, Elphinstone Middle School.

BOMBAY:

PRINTED AT RÁNINÁ'S UNION PRESS.

1890.

Price 4 Annas.

8430

BAUG-É-DAUNESH

OR

A FREE TRANSLATION

Of 50—125 Pages

OF

THE NEW ROYAL READERS No. III

Containing Moral Stories, Narratives, Natural History and Useful Knowledge, Poetry and Diologues.

BY

PESTONJI MOTÁBHÁI KÁRKHÁNÁVÁLÁ

Assistant Teacher, Elphinstone Middle School.

BOMBAY:

PRINTED AT RÁNINÁ'S UNION PRESS.

1890.

Price 4 Annas.

(Registered under Act XXV of 1867.)

FREE TRANSLATION

OF THE

NEW ROYAL READERS No. III.

THE GATE WITHOUT A LATCH.

આગળી વગરનો દરવાજો અથવા નાની શરૂઆત ઉપરથી થતાં મોટાં પરિણામ વિષે.

એક ખેડુતના ઘરમાં એક નાનો દરવાજો હતો જેમાંથી થઇને તેના વાડામાંથી ખેતરમાં જવાતું હતું. આ દરવાજાને આગળી ન હતી અને તેથી તે બંધ થઇ શકતો ન હતો. જ્યારે ખેડુત પોતે તે દરવાજામાંથી જતો ત્યારે તે હંમેશાં બહાર નીકળીને તે દરવાજો ઢાંકવાને સાવચેત રહેતો; પણ બીજા લોકો એટલા સાવચેત રહેતા ન હતા. તેની સઘળી સાવચેતી છતાં તે દરવાજો તે ઢાંકી જતો ત્યારપછી પવનથી તે ઉઘડી જતો હતો. તેનું પરિણામ એ આવ્યું કે તે દરવાજો યાતો પવનથી ઉઘાડ ઢાંક થયા કરતો અથવા તદન ઉઘાડો પડી રહેતો. આ પ્રમાણે મરઘાં બટકાં વાડામાંથી ખેતરમાં નાશી જતાં હતાં; અને મેઢાં અને મેઢાંનાં બચ્ચાં હંમેશાં વાડામાં આવતાં હતાં. મરઘાં બટકાંઓને ખેતરમાંથી વાડામાં પાછાં હાંકી લાવવામાં અને મેઢાં અને મેઢાંનાં બચ્ચાંને વાડામાંથી ખેતરમાં પાછાં હાંકી લઇ જવામાં છોકરાંઓનો અરધો વખત રોકાતો હતો. ખેડુતની બાઇડી તેને હંમેશાં

કહેતી કે તમો એક આગળો લાવો; પણ તે જવાબ આપતો કે તે આગળીની કીમત ચાર આના પડશે, અને તેટલો ખરચ તેનીપર કરવો ઘટતો નથી. તેણે કહ્યું કે છોકરાં બેઠાં રહે અને કાંઈ કરે નહિ તેના કરતાં મરઘાં બટકાંને વાડામાં હાંકી લાવે, અને ભેઢાંને વાડાની બહાર હાંકી લઈ જાય તે વધારે સારૂં. તેથી તે દરવાજો આગળી વગરનોજ રહ્યો. એક દહાડે એક કૂરએ ડુક્કરનું બચ્ચું ડુક્કરખાનામાંથી બહાર નીકળી આવ્યું, અને માથું મારી દરવાજો ઉઘાડી નાખીને ખેતરમાં દોડયું, અને ત્યાંથી ગીચ જંગલમાં નાઠું. ડુક્કરનું બચ્ચું ખોવાયલું તરતજ માલૂમ પડયું, અને તેની પાછળ શોરબકોર અને શોધાશોધ થઈ રહી. ખેડુત તબેલામાં ઘોડા બાંધતો હતો; પણ તે ડુક્કરના બચ્ચાની પછવાડે જવાને માટે તેણે ઘોડા બાંધવાનું કામ પડતું મૂકયું. તેની બાઈડી કપડાં ઉપર અસ્ત્રી કરતી હતી; અને તેણીએ પોતાના ધણીની પાછળ જવા માટે પોતાનું કામ પડતું મુકયું. તેની દીકરી દેવતા ઉપર સેરવો ઉકાળતી હતી; પણ પોતાની માની પાછળ જવા માટે તેણીએ તે દેવતા ઉપરજ રહેવા દીધો. તે ખેડુતના દીકરાઓ અને તેનો નોકર પણ તે ડુક્કરની પાછળ લાગવામાં સામેલ થયા; અને તેઓ સઘળાં, પુરૂષો તેમજ સ્ત્રીઓ, જંગલમાં તે ડુક્કરની પાછળ જવામાં ભેળાઇને સામેલ થયાં. પણ તે નોકરે એક તટ્ટી કૂદાવતાં જોઈએ તે કરતાં વધારે ઉતાવળ કરી, તેથી તેની પગની ઘૂંટી છોલાઈ ગઈ. તે નોકરને પાછો ઘર લઈ જવા માટે તે ખેડુત અને તેના દીકરાઓને તે ડુક્કરની પાછળ જવાનું કામ પડતું મૂકવાની ફરજ પડી. જે ગરીબ નોકરને ઈજા થઈ હતી તેની માવજત કરવા માટે તે ખેડુતની બાઇડી અને તેની દીકરી પણ પાછાં ફર્યાં. જ્યારે તેઓ ઘરમાં પાછાં આવ્યાં ત્યારે તેઓને માલૂમ પડયું કે સેરવો ઉકળીને ઉભરાઇ ગયો હતો—અને તેથી બપોરનું ખાનું બગડી ગયું હતું; અને

બે પહેરણ જે દેવતાની આગળ ટાંગેલાં હતાં તેઓ બળી ગયાં અને તદ્દન રાખ થઈ ગયાં હતાં. તેઓ રસોડામાંથી બહાર આવ્યાં તેની આગમજ સાવચેતી લઈને તેઓએ પહેરણ અને સેરવો દેવતા આગળથી દૂર ન મુકયો તેને માટે તે ખેડુતે પોતાની બાઈડી અને દીકરીને ઠપકો આપ્યો. ત્યાર પછી તે પોતે તબેલામાં ગયો, જ્યાં તેણે જોયું કે જે ઘોડો તે છૂટો મુકી ગયો હતો તેણે બીજા સારા નાના ઘોડાને લાત મારીને તેનો એક પગ ભાંગી નાખ્યો હતો. તે નોકરની ઘૂંટીને જે ઇજા થઇ હતી તેથી તેને એક પખવાડીઉં સુધી ઘરમાં રહેવું પડયું હતું. આ પ્રમાણે તે ખેડુતના નોકરને ઇજા થઇ તે ઉપરાંત તે ખેડુતે તેના નોકરનું બે અઠવાડીઆંનું કામ, એક સુંદર નાનો ઘોડો, એક ફરબે ડુક્કરનું બચ્ચું અને તેના બે ઉત્તમ પહેરણો ખોયાં, અને તેનુ બપોરનું ખાનું બગડી ગયું તે તો જુદું; અને આ બધું જે થયું તે ચાર આના ખરચીને આગળો ન લાવવાને લીધે થયું. આ પ્રમાણે અસલી બે સારી કહેવતો ખરી માલૂમ પડી કે "ખીલી નીકળી જવાથી ગાડીનું પૈડું નીકળી પડેછે." "જાળવીને રાખો તો સલામત રહે."

સાર—આગળી વગરના દરવાજાને લીધે એક ડુક્કરનું બચ્ચું બહાર નીકળી ગયું. ખેડુત, તેનું કુટુંબ અને તેનો નોકર તેને શોધવા ગયાં. જ્યારે તેઓ ઘરમાંથી બહાર ગયાં હતાં ત્યારે એક સુંદર નાના ઘોડાનો પગ ભાંગ્યો, ખેડુતનાં બે ઉત્તમ પહેરણો બળી ગયાં, તેનું બપોરનુ ખાનું બગડી ગયું, અને તેના નોકરની ઘૂંટીને ઇજા થઈ; અને આ સઘળું ચાર આનાનો ખરચ કરીને આગળી ન લાવવાને લીધે થયું.

THE SAINT BERNARD DOG.

સેન્ટ બરનાર્ડ કૂતરા વિષે.

મોટું માથું, લાંબા વાળ, અને ગુચ્છાદાર પૂછડી સાથનો સેન્ટ બરનાર્ડ કૂતરો મોટો અને જોરાવર છે. તે ઉમદા ચહેરાનો કૂતરો છે, અને જેવો તે દેખાયછે તેવોજ ઉમદા અને અક્કલવાન તે છે. સ્વિટઝરલાંડમાં આવેલા ઉંચા આલ્પ્સના પાહાડોમાં તે વસેછે. આ પાહાડોમાં સાંકડા અને ઊભા ઘણા રસ્તાઓ છે જેને 'પાહાડી રસ્તા' કહેછે, જે રસ્તેથી થઇને આ પાહાડો ઓળંગીને ઇટાલીમાં જવાયછે. ઉન્હાળાની મોસમમાં પણ આ પાહાડો ઉપર બરફનાં તોફાન થાયછે; પણ લાંબી શિયાળાની મોસમમાં તે તોફાન ઘણાંજ સખ્ત હોયછે, અને તે વખતે આ રસ્તા પસાર કરવાનું કામ ઘણું ભય ભરેલું હોયછે. આ તોફાન કોઈ વેળા ઓચીંતાં થઈ આવેછે—વારંવાર તડકાવાળી અને ખુશનુમા સવાર હોય ત્યારપછી થાયછે. બરફ એટલો જથ્થાબંધ પડેછે કે થોડા કલાકમાં વટેમાર્ગુ પવનથી ઘસડાઇ આવેલા બરફના ઢગલા તળે ડટાઈ જાયછે. શિયાળાની મોસમમાં આ પાહાડો ઓળંગી જવાની કોશેશ કરતાં સેંકડો માણસોએ પોતાના જીવ ખોયાછે. પણ સેન્ટ બરનાર્ડ કૂતરાની ચતુરાઈ અને માયાથી ઘણાના જીવ બચેલા છે. સેન્ટ બરનાર્ડનું મઠ જ્યાં આ કૂતરાઓને રાખવામાં આવેછે તે ઉપરથી આ કૂતરાઓને સેન્ટ બરનાર્ડ કૂતરા કહેછે. ગ્રેટ સેન્ટ બરનાર્ડ જે આલ્પ્સ પર્વતના રસ્તાઓમાંનો ઘણોજ ભયંકર રસ્તો છે તેની ટોંચની નજદીક આ મઠ આવેલુંછે. મુસાફરોને મદદ કરવાના હેતુથી આખું વર્ષ આ મઠમાં ધર્મ ઉપર ચુસ્ત એવા મઠવાસી પુરૂષો રહેછે; અને પોતાના કૂતરાઓની મદદથી તેઓએ ઘણા માણસોની જીંદગી બચાવીછે. જે વટેમાર્ગુઓ ભૂલા પડેલા

હોયછે તેઓને શોધી લાવવાને આ કુતરાઓને કેળવેલા હોયછે; અને શિયાળામાં દર સવારે ઘણું કરીને તેઓમાંના બે કુતરાને સાથે મોકલવામાં આવેછે. એકને ગળે ચામડાના પટાથી બાંધેલી ખોરાક અને દ્રાક્ષના દારૂ અથવા બ્રાન્ડિ દારૂની શીશી સાથની ટોપલી બાંધેલી હોયછે; અને બીજાની પીઠ ઉપર ચામડાના પટાથી બાંધેલો જભ્ભો હોયછે. આવી રીતે જે બેભાન થઈ જતો માણુસ તેઓને મળે તેને એકીવારે ખોરાક તેમજ કપડાં તેઓ પૂરાં પાડી શકેછે. જો તે માણુસ ચાલી શકે એવી હાલતમાં હોયછે તો આખે રસ્તે જોરથી ભાંસતા અને તેઓના પાછા આવવા વિષે તે મઠવાસી પુરૂષોને ચેતવણી આપતા તેઓ તેને મઠ તરફનો રસ્તો બતાવેછે. પણ જો તે માણુસ એવો બેભાન અને અકડી ગએલો હોય કે તેનાથી ચાલી શકાતું ન હોય, તો તેઓ મઠવાસી પુરૂષોને લઈ આવવાને અને જે જગાએ તે માણુસ પડેલો હોય તે જગા બતાવવાને પાછા આવેછે. કોઈ વેળા વટેમાર્ગુ ઊંડા બરફમાં ડટાઇ ગએલો હોયછે. જો મઠવાસી પુરૂષો એકલાજ હોય તો તેઓ તેને કદી શોધી કાઢી શકે નહિ; પણ કુતરાઓ પોતાની વાસ લેવાની તિક્ષણ શક્તિથી તેને પારખી કાઢેછે, અને પોતાના પગથી બરફને ખોદી કાઢેછે. આ રીતે એક કુતરાએ બેતાળીશ માણુસની જીંદગી બચાવી હતી એવું કહેવાયલુંછે. તેનું નામ બૅરિ હતું અને તે જેટલો બહાદુર તેટલોજ ચાલાક પણ હતો. એક વેળા એક બાઇડી પોતાના દીકરા સાથે આ પાહાડ ઉપર થઈને જતી હતી, ત્યારે પાહાડ ઉપરથી સરી પડતા બરફના ઢગલાથી ડટાઈ ગઇ. બૅરિને તે નાનો છોકરો સલામત હાલતમાં પણ ઠંડીથી અકડી ગએલો મળી આવ્યો. તેણે તેને યુક્તિથી પોતાની પીઠ ઉપર લીધો; અને આવી રીતે તેને મઠના દરવાજા સૂધી લઈ આવ્યો, જ્યાં મઠવાસી પુરૂષોએ તેની સારી માવજત કરી.

સાર—સેન્ટ બરનાર્ડ કુતરા ઘણા મોટા અને જોરાવર હોયછે. તેઓને સેન્ટ બરનાર્ડના મઠમાં રાખવામાં આવેછે, જે મઠમાં વટેમાર્ગુઓ આ બરફથી ઢંકાયલા પાહાડો ઉપર મુસાફરી કરતી વખતે ઉતારો લેછે. તેઓને ભુલા પડેલા વટેમાર્ગુઓને શોધી લાવવા માટે કેળવેલા હોયછે. બૅરિ નામના એક કુતરાએ બેતાળીશ માણસની જીંદગી બચાવી હતી એવું કહેવાયલું છે.

NEVER BE LATE.

કદી મોડું કરવું નહિ અથવા મોડું કરવાનાં માઠાં ફળ વિષે.

સૅમ્યુઅલ—જો આપણે જરા મોડા નિશાળમાં આવ્યા હોઇએ તો આપણા શિક્ષક કેટલી ધાંધલ કરી મૂકેછે! મારી ખાતરી છે કે થોડી પળ મોડું આવવું એમાં કાંઈ ખોટું નથી. **ટૉમસ**, તમો શું ધારોછો?

ટૉમસ—હું જાણુંછું કે આપણે નિશાળે મોડા આવીએ તે આપણા શિક્ષકને પસંદ નથી, અને હું ધારૂંછું કે આપણે આપણા શિક્ષકને રાજી રાખવાની કોશિશ કરવી જોઇએ.

સૅમ્યુઅલ—એતો ઠીક, પણ જરા મોડા આવવું તેમાં શું ખોટું? તે હું જાણવા માગુંછું.

ટૉમસ—જે આપણા શિક્ષક કહેછે તે હું જાણુંછું; અને આપણે માટે સૌથી લાભકારક જે હોય તેજ તેવણ જાણેછે. ખચીત તેવણ આપણી ઉપર ઘણા મહેરબાન છે, અને જેથી આપણને ફાયદો થાય તેજ કામ તેવણ આપણને કરવા ફરમાવેછે.

સૅમ્યુઅલ—તેવણ નિશાળે મોડા આવવાની બાબદમાં શું કહેછે? નિશાળે મોડા આવવાની સામે કાંઈ ધ્યાનમાં ઉતરે એવું કારણ હોય તો તે હું જાણવા ચાહુંછું.

ટૉમસ—તેવણ કહેછે કે ઘણે પ્રકારે આ ટેવ ખોટી છે. જો આપણે મોડા આવીએ તો આપણે આપણા શિક્ષક અને નિશાળના સઘળા છોકરાઓના કામમાં હરકત કરીએ છીએ; અને તેવણ કહેછે કે જો આપણને નિશાળે મોડા આવવાની ટેવ પડે, તો પછી બીજાં કામોમાં પણ આપણને મોડા આવવાની ટેવ જરૂરજ પડી જાય, અને કદાચ તે માઠી ટેવ આખી જીંદગી સુધી રહે.

સૅમ્યુઅલ—આજજ આવાં કારણો વિષે મને વિચાર આવ્યો; અને તેવણ જે કહેછે તે ખરૂંછે એવું મારા ધ્યાનમાં ઉતરેછે. પેલે દહાડે સવારે હું જ્યારે નિશાળે મોડો આવ્યો ત્યારે વર્ગમાં કોણ આવ્યું તે જોવાને સઘળા નિશાળીઆઓએ પોતાની ચોપડીમાંથી બહાર જોયું, અને જ્યાં સુધી હું મારી જગાએ જઈ બેઠો ત્યાંસુધી શિક્ષકે પોતાનું સવાલ પૂછવાનું કામ બંધ રાખ્યું હતું તે મને યાદ છે.

ટૉમસ—હારે હા. તે વાત મને પણ યાદ છે; અને તે વેળા મારા મનમાં મેં એવી ઇચ્છા કરી કે તમો ફરીથી નિશાળે મોડા ન આવો તો સારૂં. મારા વિચાર પ્રમાણે એ કામ અને ટેવ ઘણી ખરાબ છે. જો તમો નિશાળે મોડા આવો તો તમો બીજે ઠેકાણે પણ મોડા જશો. મારો મનમાં ગોખી રાખેલો નિયમ તો એછે કે કદી પણ મોડા આવવું નહિ; અને તેજ નિયમ તમો પણ મનમાં ગોખી રાખો એવું હું ઇચ્છુંછું. કેમ **સૅમ!** તમારૂં આ બાબદમાં શું મત છે?

સૅમ્યુઅલ—હું ધારૂંછું કે તમે જે કહોછો તે ખરૂં છે. આ બાબદ ઉપર મેં આજજ વિચાર કર્યો. હવેથી જે વાત તમે મનમાં

ગોપ્પી રાખીછે તે વાત હું પણ ગોપ્પી રાખીશ; અને તે પ્રમાણેજ ચાલવાને હું ખંતી રહીશ.

ટૉમસ—આ બહુ સારી વાત છે. અને **સૅમ્યુઅલ**, હવે આ વાત ગોપ્પી રાખવાને સઘળા નિશાળીઆને સમજાવી લેવાને આપણાથી બને તેટલી કોશેશ આપણે કરવી જોઇએ.

સૅમ્યુઅલ—હા, આપણે તેમ કોશેશ કરીશું; અને પછી આપણે સઘળા સાથે મળીને આપણી ટોળીને "હોંશથી કામ કરનારી તૈયાર ટોળીનું" નામ આપીશું.

સાર—એક શિક્ષકે પોતાના નિશાળીઆ મોડા આવે તે માટે વાંધો લીધો, અને તેનું કારણ એવું જણાવ્યું કે જેઓ નિશાળે મોડા આવેછે તેઓ બીજાને હરકત કરેછે એટલુંજ નહિ પણ તેઓને એવી ટેવ પડવાથી તેઓ જીવે ત્યાં સુધી બરાબર વખતે કોઇ કામ કરવાના નહિ. **ટૉમસ** અને **સૅમ્યુઅલે** કદી મોડું આવવું નહિ એવી મનમાં ગોપ્પેલી વાતવાળા છોકરાઓની ટોળી બનાવવાનો ઠરાવ કીધો.

THE SEAL.

એક પ્રકારનું આંચળવાળું માંસહારી જળચર પ્રાણી તે વિષે.

તમે કદી સીલ જોઇછે? સાધારણ કદની સીલ આપણા (ઇંગ્લાંડના) કિનારાની આસપાસના દરિયામાં મળી આવેછે; તેમજ તે દુનિયાના બીજા ઘણા ભાગોમાં મળી આવેછે. પણ મોટા કદની સીલ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ તરફના ઠંડા દરિયામાંજ માત્ર મળી આવેછે. સીલ ઘણું અજાયબ જેવું પ્રાણી છે. પોતાના ખોરાકને માટે માછલી

પકડતી તે આખો દહાડો આસપાસ તરવાનું પસંદ કરેછે. જ્યારે તે દમ લેવાને પાણીની સપાટી ઉપર આવેછે ત્યારે તેનું માથુંજ પાણીની સપાટી ઉપર દેખાયછે. તેનું માથુંજ માત્ર જોવાથી તે બીલાડીના જેવી લાગેછે. તેને મોટી આંખ અને પહોળું નાક હોયછે, અને કાનને બદલે તેના માથામાં નાંકાં હોયછે; તેનું શરીર માછલીના શરીર જેવું છે. તેને ચાર ટૂંકા પગ હોયછે જે માછલીની પાંખોના જેવા દેખાયછે. બે આગલા પગને તીણાં નખવાળા પંજા હોયછે, જેઓની મદદથી તે ખડકો અને બરફને બાઝી રહેછે. તેને બતકના પગની માફક આંગલાં વચ્ચે ચામડી આવીને આંગલાં જોડાઈ ગએલાં એવા પાછલા પગ હોય છે. પાણીમાં તે સારી રીતે તરી શકેછે; પણ તેનાથી જમીન ઉપર ચલાતું નથી. તેઓ માત્ર પગ ઘસડી અને ફસડયાં મારી ચાલેછે. ચીત્રમાં જુઓ, અને તમો આંગલાં વચ્ચે ચામડી આવીને આંગલાં જોડાઇ ગએલાં એવા પાછલા પગ જોશો. જ્યારે સીલ જોઇએ તેટલી પૂરતી માછલી પકડી રહેછે ત્યારે તે વારંવાર કિનારે જાયછે. ઉન્હાળામાં તે તડકામાં બેસવાને અને ઊંઘવાને કલાકો સુધી ખડક ઉપર પડી રહેછે. પણ તે એટલી સાવચેત હોયછે કે ઊંઘાડી આંખે ઊંઘતી જણાયછે. ઉત્તર તરફના ઠંડા દરિયામાં તે બરફ ઉપર જરા વખત ઊંઘ કાઢેછે. પણ જે ઠેકાણે બરફ આગળેલું હોય ત્યાં હોવાને તે હંમેશાં કાલજી રાખેછે કે જેથી કરીને જોતાં જોતાંમાં તે દરિયામાં એકદમ જતી રહેછે. જરા પણ અવાજ સાંભળે છે કે તે તરતજ દરિયામાં ડુબકી મારેછે. સીલ ન હોય તો ગ્રીનલેન્ડના રહેવાસીઓથી જીવાય નહિ. તેનું માંસ અને તેની ચરબી એ તેઓનો મુખ્ય ખોરાક છે; તે તેની ચામડીનાં કપડાં બનાવેછે એટલુંજ નહિ. પણ તેના તંબુનું અને તેના મછવાનું ઢાંકણ પણ તેમાંથી કરેછે. તે વળી તેનાં હાડકાંમાંથી સોય અને તેની નસોમાંથી માછલી

પકડવા માટેની દોરી અને તેનાં કામઠાંને માટેની દોરી બનાવેછે. સીલને ઘણું કરીને ભાલો ભોકીને મારવામાં આવેછે. શિયાળામાં જ્યારે દરિયાનું પાણી બંધાઈને બરફ થઈ જાયછે, તે વખતે સીલ માછલી પકડવાને રાહા જોતો એક દેશી કલાકોના કલાકો સૂધી બરફ ઓગં-ળેલું હોય તે જગાએ બેશી રહેછે. જ્યારે જરૂર પડે ત્યારે વાપરવાને માટે તેની પાસે તેનો ભાલો તૈયાર પડેલો હોયછે. પવનના ઝપાટાને પોતાની તરફ આવતો અટકાવવાને તે બરફની નાની દેવાલ બાંધેછે, અને ત્યાં સીલ માછલી આવે તેની રાહા જોતો તે બેશેછે. પોતાનો દુશ્મન રાહા જોતો બેઠોછે તે વિષે તે ગરીબ સીલને કાંઈ ભાન હોતું નથી. બરફમાંનાં ઘણાં કાણાં સીલ પોતેજ પાડેછે. તેને તે નાંકાં પાડવાનું કારણ એછે કે તે નાંકાં આગળ તે તરતી જાયછે, અને દમ લેવા માટે પોતાનું ગોળ માથું ઉપર કાઢેછે; કારણકે તેનાથી પાણીને તળીએ લાંબો વખત રહી શકાતું નથી. જેવી સીલ નાંકાં આગળ આવેછે કે તરતજ તે માણસ ભાલો ઉપાડેછે, અને પોતાના સઘળા જોરથી તેના શરીરમાં ભોકેછે. તે ભાલા સાથે એક દોરડું બાંધેલું હોયછે, અને તેવડે સીલને બહાર ખેંચી કાઢવામાં આવેછે. સીલ સપા-ટામાં આવેછે ત્યારે બહુ ખુશાલી ઉત્પન્ન થાયછે. તેનાં બાયડી છોકરાં તેને ઘર તેડી લાવવા સામાં જાયછે. શિયાળામાં આ ગરીબ માણસોને વારંવાર જેમ માંસ વગર રહેવું પડેછે તેવી હાલતમાં તે બાપડાંએ કેટલોક વખત ગુજારેલો પણ હોયછે. તેઓ પાસે દીવામાં બાળવાનું તેલ પણ ખપી ગએલું હોયછે; અને તેથી જ્યારે તેઓને તરસ લાગેછે ત્યારે પાણી પીવા માટે તેઓ બરફને પીગળાવીને પાણી પણ કરી શકતાં નથી. પણ હવે પુષ્કળ ખોરાક અને તેલ મળે એવો વખત આવેછે. દીવામાં પૂરતું તેલ હોયછે અને બાઈડીઓ રાંધવાનાં વાસણ કાઢેછે. જેટલા સ્વાદથી શાકરના કડકા ચુંસવામાં આવેછે

તેટલુ સ્વાદથી સીલનાં કાચાં માંસના ટુકડા ચુંસવાને છોકરાંઓ લૂટાલૂટ કરેછે.

સાર—મોટાં કદની સીલ ઉત્તર તરફના ઠંડા દરિયામાં મળી આવેછે. સીલ પાણીમાં તરેછે અને માછલાં ખાઈને જીવેછે. ગ્રીનલેનડના રહેવાસીને સીલ બહુ ઉપયોગની છે. તેની ચરબી અને માંસ તે ઘણું કરીને ખાયછે. તેની ચામડીનાં કપડાં અને તંબુ તેમજ હોડીનું ઢાંકણ બનેછે.

THE YOUNG WITNESS.

નાનો સાહેદી અથવા હંમેશાં સાચું બોલવાની જરૂર વિષે.

થોડાં વર્ષ થયાં એક માણસે ચોરી કરી હતી તેની દરબારમાં તપાસ થતી હતી તે વખતે એક નાની નવ વર્ષની છોડીને સાહેદી તરીકે દરબારમાં લાવવામાં આવી હતી. તે છોડીના બાપના ઘરમાં તે ચોરી થઈ હતી. તેણીએ તે ચોરી નજરે જોઈ હતી. તેથી તેણીની જુબાની ઘણી અગત્યની હતી. જે વકીલ ચોરની તરફથી ધારાના હિમાયતી તરીકે આવ્યો હતો તેને તે છોકરી જુબાની આપે તે પસંદ ન હતું; તે જાણતો હતો કે તેણીની જુબાની તે જે બચાવ કરવાનો હતો તે બચાવને ઘણો લુલો કરી નાખશે. તેથી જ્યારે તેણીને દરબારમાં લાવવામાં આવી ત્યારે તેણે પૂછયું, ઍમિલિ! તમે સોગંદની ખાસિયત શું, તે જાણોછો? તેણીએ કહ્યું કે તમારા બોલવાનો શો અર્થ થાયછે તે હું જાણતી નથી. તે વકીલે ન્યાયાધિશને કહ્યું, મહેરબાન સાહેબ! જુઓ, તેણી સોગંદની ખાસિયત શું છે તે જાણતી નથી. તેણી જુબાની આપવાને લાયકની નથી તેનો આ શું

પુરતો પુરાવો નથી? તેણીની જુબાની લઈ શકાય નહિ. ન્યાયાધિશ બોલ્યો આપણે જોઇએ કે તે લાયક છે કે નહિ. મારી દીકરી! અહિં આવો. તમે અગાઉ કદી સોગંદ લીધા હોય તો મને કહો. જ્યારે તેણીએ ના, સાહેબ, એવો જવાબ દીધો ત્યારે સોગંદના વિચારથીજ ફક્ત તેણીની ગરદન અને ચહેરો લાલચોળ થઈ ગયાં. તે ન્યાયાધિશે કહ્યું, હું કાંઈ ખોટા સોગંદ વિષે કહેતો નથી. તમો અગાઉ કદી દરબારમાં સાક્ષી આપવા આવ્યાં હતાં. તેણીએ કહ્યું, નહી, સાહેબ! તે ન્યાયાધિશે તેણીના હાથમાં ખ્રિસ્તિ ધર્મ પુસ્તક આપીને કહ્યું કે આ કઇ ચોપડી છે તે તમે જાણોછો? તેણીએ કહ્યું, હા, સાહેબ! હું જાણુંછું કે તે ખ્રિસ્તિ ધર્મ પુસ્તક છે. ન્યાયાધિશે કહ્યું, તમે કદી તે વાંચ્યુંછે? તેણી બોલી, હા, સાહેબ! હું તે દરરોજ વાંચુંછું. તેણે કહ્યું, ખ્રિસ્તિ ધર્મ પુસ્તક શું છે તે તમે જાણોછો? તેણી બોલી, હા, સાહેબ! તે મોટા પરમેશ્વરનું ફરમાન છે. તેણે કહ્યું, હવે મારી વહાલી દીકરી! આ પુસ્તક ઉપર તમારો હાથ મૂકો. તેણીએ ધ્રુજતાં ધ્રુજતાં પોતાનો હાથ તેની ઉપર મૂકયો. ત્યારપછી જે માણસ જુબાની આપવાનો હોયછે તે જે રીતે સોગંદ લેછે તે સોગંદ લેવાની રીત તે ન્યાયાધિશ તેણીની આગળ બોલી ગયો. તેણી પોતાનો હાથ ખ્રિસ્તિ ધર્મ પુસ્તક ઉપર રાખીને બોલી કે હું ખરા દીલથી સોગંદ લઉંછું કે હું જે હમણાં કહેવાની છું તે સાચું છે, તદન સાચુંછે અને સાચા સિવાય બીજું કાંઈ નથી. માટે પરમેશ્વર મને મદદ કરો. તે ન્યાયાધિશે કહ્યું, હવે મારી વહાલી દીકરી! તમોએ સાહેદી તરીકે સોગંદ લીધાછે. તમો જો સાચું ન બોલો તો તમને શું થશે તે તમો જાણોછો? છોડી બોલી, હા, સાહેબ. ન્યાયાધિશે પુછયું, શું જાણોછો? છોડી બોલી, મને કેદખાનામાં નાખવામાં આવશે. ન્યાયાધિશે પુછયું, બીજું કાંઇ થશે? છોડી બોલી, હા, સાહેબ! હું સ્વર્ગમાં જઇશ નહિ. ન્યાયાધિશે પૂછયું,

તે તુજો કેમ જાણોછો? તેણીએ ખ્રિસ્તિ ધર્મ પુસ્તક પોતાના હાથમાં લીધું, અને આંગળીઓ વડે પાનાં ફેરવીને એકસોદસના વીશમાં પ્રકરણનો સોળમો શ્લોક કાઢયો અને વાચ્યો કે 'તું તારા પાડોશી સામે ખોટી જુબાની આપતો ના.' તેણીએ કહ્યું કે હું ખ્રિસ્તિ ધર્મ પુસ્તક વાંચતાં શીખી તે પહેલાં આ શ્લોક શીખી હતી. ન્યાયાધિશે પૂછ્યું કે તમો આ મુકરદમામાં સાહેદી તરીકે આવવાનાં હતાં એવું તમોને કોઇએ જણાવ્યું હતું? છોડી બોલી, હા, સાહેબ! જ્યારે મારાં માતાજીને ખબર પડી કે મને સાહેદી તરીકે દરબારમાં જવાનું હતું, ત્યારે તેવણ મને પોતાના ઓરડામાં લઈ ગયાં, અને દશ ફરમાન તેવણની આગળ બોલી જવાને મને કહ્યું; અને પાડોશી સામે ખોટી જુબાની આપવી તે કેવું પાપી કામ છે તે હું સમજું, અને જો મને આવતી કાલે દરબારમાં જવું પડે તો સાચું બોલવાને મને પરમેશ્વર મદદ કરે તેટલા માટે હું અને માતાજી ઘુંટણ મરડીને પડયાં અને બંદગી કરી. અને હું જ્યારે આજે દરબારમાં આવવા માટે ઘરમાંથી નીકળી ત્યારે માતાજીએ મને બોકી કરી અને કહ્યું કે નવમું ફરમાન યાદ રાખજે, અને વળી યાદ રાખજે કે દરબારમાં તમો જે કાંઈ બોલો તેનો દરેક શબ્દ પરમેશ્વર સાંભળેછે. જ્યારે ખુશાલીને લીધે તે ન્યાયાધિશની આંખમાં આંસુ આવ્યાં, અને મનના જોસ્સાથી તેના હોઠ ધ્રુજવા લાગ્યા, તે વખતે ન્યાયાધિશે તેણીને પૂછ્યું કે તમો આ વાત શું ખરી માનોછો? તે છોડીએ એવી રીતે "હું માનુછું, સાહેબ!" એવો જવાબ દીધો કે તે રીત ઉપરથી માલૂમ પડી આવ્યું કે જે વચન તે બોલી તેવીજ લાગણી તેણીના અંતઃકરણમાં પણ થઇ હતી. તે ન્યાયાધિશે કહ્યું, મારી દીકરી! પરમેશ્વર! તમોને સુખી રાખો. તમારાં માતાજી ઘણાં ભલાંછે. તેણે વળી બીજું એવું કહ્યું કે આ સાહેદી જુબાની આપવાને લાયક છે. જો મારા ઉપર આજે તહોમત આવ્યું

હતો, અને તે તહોમતને માટે મારી તપાસ ચાલતી હતી, અને તે તપાસના સેવટ ઉપર મારી જીંદગીનો આધાર હતો, અને જો જે ગુનાહનું તહોમત મારી ઉપર મુકવામાં આવ્યું હોય તે ગુનાહ મેં ન કર્યો હતો, તો આ બચ્ચાં જેવો સાહેદી પરમેશ્વર મને આપે એવી હું પરમેશ્વરની વિનતી કરતો. તેણીની જુબાની લેવી જોઇએ. જ્યારે દરબારમાં સાહેદી તરીકે જુબાની આપવાને તે બચ્ચાંને કહ્યું ત્યારે તેણે જે સાચી વાત હતી તેજ કહી. પણ જ્યારેબી આપણે કાંઇ બોલીએ ત્યારે દરેક વખતે આપણે દરબારમાં બોલતા હોઇએ એવી લાગણી આપણા મનમાં થવી જોઇએ. આ દુનિયા મોટી દરબારના જેવી છે, અને પરમેશ્વર તે દરબારના ન્યાયાધિશ છે.

સાર—એક નાની નવ વર્ષની છોકરીને માટે, તેણીની નાની ઉમરને લીધે સાહેદી તરીકે દરબારમાં રજુ થવા સામે વાંધો લેવામાં આવ્યો. પણ જ્યારે તેણીએ તે ન્યાયાધિશને જણાવ્યું કે મારાં માતાજીએ મને દશ ફરમાન બોલી જવા કહ્યું, અને મારી સાથે તેવણે બંદગી કરી, અને મને નવમું ફરમાન યાદ રાખવાને કહ્યું છે, ત્યારે તે ન્યાયાધિશે તેણીને સાહેદી તરીકે રજુ થવાને પરવાનગી આપી.

THE SPIDER AND THE FLY.

કરોળીઓ અને માખી અથવા ખુશામતથી રાજી થવાનાં માઠાં ફળ વિષે.

૧—એક કરોળીઆએ એક માખીને કહ્યું, "તમો મારા ઓરડામાં પધારશો? તે ઓરડો એવો સુંદર છે કે તમોએ કદી જોયો પણ ન હોય. ગોળ ફરતા દાદર ઉપરથી થઇને મારા ઓરડામાં જવાનો રસ્તો છે,

અને તમો અંદર આવો તો તમોને દેખાડવા માટે મારી પાસે ઘણી અજાયબ જેવી ચીજો છે." તે નાની માખીએ કહ્યું, "નહિ, અરે નહિ, તમો મને તેડો છો પણ તમારૂં નોતરૂં ફોકટ જાયછે; કારણ કે જેઓ તમારા ગોળ દાદર ઉપર થઇને ઉપર જાયછે તેઓ પાછા કદી ફરતાજ નથી." (કારણ કે તે કરોળીઓ તેઓને ખાઈ જાયછે.)

૨—તે કરોળીઆએ તે માખીને કહ્યું, "વહાલાં પ્રાણી! એટલું ઊંચે ઊડવાથી તમો થાકી ગયાં હશો, એવી મારી ખાતરી છે; તમો મારા નાના બીછાનામાં જરાવાર આરામ લેશો? તે બીછાનાની આસપાસ સુંદર પરદા નાખેલાછે, અને ચાદરો ઝીણી અને સુંદર છે, અને જો થોડો વખત સુધી તમો બીછાનામાં સુવાને ઇચ્છતાં હોવો તો હું તમોને સલામત રીતે અંદર દાખલ કરીશ." તે નાની માખીએ જવાબ આપ્યો, "અરે નહિ, નહિ, કારણ કે જે તમારા બીછાના ઉપર સુવેછે તેઓ પાછાં ઉઠતાંજ નથી એવું કહેવાયલું મેં વારંવાર સાભળ્યું છે."

૩—તે લુચ્ચા કરોળીઆએ તે માખીને કહ્યું, "વહાલાં મિત્ર! જે અત્યંત પ્યાર તમો તરફ હું હંમેશાં ધરાઊંછું, તે બતાવી આપવાને હું શું કરૂં? મારા ખોરાક ભરી રાખવાના ઓરડામાં સઘળી જાતના સ્વાદદાર ખોરાકનો મોટો જથ્થોછે, મારી ખાતરીછે કે (તમો તે બેધડક વાપરો) તમોને તે મુબારક છે, તમો તેમાંથી થોડું ખાવાની મહેરબાની કરશો?" તે નાની માખીએ જવાબ આપ્યો, "અરે નહિ, નહિ, મહેરબાન સાહેબ! તેમ બનશે નહિ, તમારા ખોરાક ભરી રાખવાના ઓરડામાં જે છે તે વિષે મેં સાંભળ્યું છે અને તે હું જાતે જોવા ચહાતી નથી."

૪—તે કરોળીઆએ કહ્યું, "વહાલાં પ્રાણી! તમો ચતુર અને ડહાપણવાળાંછો, તમારી ગાજના જેવી પાતળી પાંખો ઘણી સુંદર છે, અને

તમારી આંખો ઘણી ચળકતી છે; મારા ઓરડાની અભરાઈ ઉપર એક નાની આરસી છે, જો તમો જરાવાર માત્ર મારા ઓરડામાં આવી જશો તો (હું કહુંછું તે ખરૂં છે કે નહિ તે માટે) તમારો ચહેરો તે આરસીમાં જોશો." તેણીએ જવાબ આપ્યો, "માયાળુ સાહેબ! તમોએ જે કહેવાની મહેરબાની કરીછે તે માટે તમારો ઉપકાર માનુંછું, અને હમણાં તો હું તમોને સલામ કરીને જાઉંછું, વળી કોઈ દહાડે આવીશ.

૫—તે કરોળીઓ સારી રીતે જાણતો હતો કે તે મુર્ખ માખી જલદીથી પાછી આવ્યા વિના રહેશે નહિ, તેથી તે ફરીને પોતાના રહેઠાણમાં ગયો, અને કોઈ પારખી ન શકે એવી રીતે છૂપા ખુણામાં તેણે ફસાવનારૂં જાળું બાંધ્યું, અને તે માખીને ખાવા માટે સઘળી તૈયારી કરી રાખી. પછી તે પોતાના દરવાજા આગળ પાછો આવ્યો અને ખુશીથી ગીત ગાવા લાગ્યો કે "મોતીના જેવી ચળકતી અને રૂપાંનાં જેવી સફેદ પાંખ સાથની માખી, અહીં આવો, અહીં આવો, તમારો પોશાક લીલા અને જાંબુઆ રંગનો છે, તમારા માથા ઉપર એક કલગીર છે, તમારી આંખો હીરાના જેવી ચળકતી છે, પણ મારી આંખોતો સીસાંના જેવી ઝાંખી છે.

૬—અફસોસ! અફસોસ! તે નાની મુર્ખ માખી તેનાં કપટ ભરેલાં, ખોટી વખાણનાં વચન સાંભળીને કેવી જલદીથી ઉડતી રફતે રફતે નજદીક આવી. ફકત પોતાની ચળકતી આંખો, પોતાના શરીરના લીલા અને જાંબુઆ રંગ, અને પોતાના કલગીરવાળા માથાનોજ માત્ર વિચાર કરતી તે માખી પોતાની પાંખોનો ગણગણાટનો અવાજ કરતી હવામાં ઉંચે લટકી રહી, અને પછી તેના જાળાં નજદીક આવતીજ ગઈ. છેલ્લે સરવાલે તે લુચ્ચા કરોળીઆએ કૂદીને તેની ઉપર તરાપ મારી, અને તેને ક્રૂરપણાથી મજબૂત પકડી લીધી.

તે તેણીને પોતાના ગોળ દાદર ઉપરથી થઇને પોતાના અંધારા રહેઠાંણમાંના પોતાના નાના ઓરડામાં ઘસડી લઈ ગયો, પણ તેણી ત્યાંથી પાછી ફરીજ નહિ.

૭—અને હવે વહાલાં નાનાં છોકરાં ! જેઓ આ વાત વાંચે તેઓને હું વિનતી કરીને કહુંછું કે ફોકટનાં મૂર્ખાઇ ભરેલાં, ખોટી વખાણનાં વચન ઉપર તમો કદી ધ્યાન આપતાં ના. ખરાબ સલાહ આપનારનું બોલવું સાંભળતાં ના, તેઓની તરફ નજર કરતાં ના, અને તેઓની તરફની વાત ધ્યાનમાં ઉતારતાં ના, અને આ કરોળીઆ અને માખીની વાત ઉપરથી તમો શીખામણ લેજો.

સાર—એક કરોળીઆએ પોતાના ઓરડામાં જે અજાયબ જેવી અને સુંદર ચીજો હતી તેનું વર્ણન કરીને એક માખીને પોતાના રહેઠાણમાં આવવાને લલચાવા માટે કોશિશ કરી, પણ ફોકટ ગઈ. પછી તેણે તેણીના દેખાવની વખાણ કરવા માંડી, અને તેણીનું માથું, આંખો અને પાંખથી તે છક થઈ ગયો હોય એવું ડોળ દેખાડયું. તેની ખોટી વખાણ સાંભળતી હતી ત્યારે પોતે જે ભયમાં આવી પડવાની હતી તે ભૂલી જઇને તે તેના સપાટામાં ફસી પડી.

THE ELEPHANT.

હાથી.

ખીચોખીચ છાંયડાવાળાં જંગલમાં હાથી વસેછે. જમીન ઉપર ચાલનારાં સઘળાં પ્રાણીઓમાં તે સર્વથી મોટો છે, અને તે એશિયા અને આફ્રિકા એ બંને ખંડમાં મળી આવેછે. એશિયાની જે

મુખ્ય જગાઓમાં હાથી મળી આવેછે તેમાંની એક જગા લંકાનો બેટ છે. આ ટાપુ જે આયરલાન્ડના જેવડો મોટો છે તેમાં ઘણાં વિશાળ જંગલો છે, જે જંગલોમાં હજારો હાથી વસેછે. આ જંગલોમાં ઝાડ એટલાં પાસે પાસે અને ઊંચાં ઊગેછે કે જ્યારે તે ઝાડોને મથાળે અને આસપાસ સૂરજનો તડકો પડેછે, ત્યારે તે જંગલોના ઘણા ભાગમાં લગભગ અંધારૂં હોયછે. જંગલના સર્વથી ગીચ છાંયડાવાળા ભાગમાં રહેવાનું હાથી પસંદ કરેછે; અને સર્વથી ઠંડકવાળી જગા જે તેને મળી આવે તે શોધી કાઢેછે. તે જગાએ માખીઓને ઉડાડવાને પોતાના કાન હીલવતો તે ઊભો રહેશેઃ અથવા પોતાના શરીર ઉપર પવન નાખવાને તે ઝાડની ડાળી તોડશે, અને પવન ખાતો ઊભે રહેશે. તે નહાવાનો પણ શોખીન છે; અને સરોવર અથવા વહેતા પાણીની નજદીક રહેવાને તે પસંદ કરેછે, જ્યાં પોતાની સુંઢવડે પાણી ચુંસી લઇને તે પાણી પોતાના આખા શરીર ઉપર ઉડાડતો તે લાગત ઘણા કલાકો સુધી ઊભો રહેશે. જંગલમાં જે મેવો ઊગેછે તે તેને ભાવેછે, પણ ઝાડની કુમળી દાંખળીઓ અને પાંદડાં પણ તે ખાયછે. જે જંગલમાં તે વસેછે ત્યાં તેને પુષ્કળ ખોરાક મળેછે તોપણ તે ખોરાકથી તે સંતોષ પામતો નથી. જ્યારે ચોખા અને મકાઇનો પાક પાકી રહેછે, ત્યારે તે વારંવાર મોટો બગાડ કરેછે. રાત્રે તે જંગલમાંથી નીકળી આવેછે, અને બાગ અથવા ખેતર તરફ ધસારા બંધ જાયછે. તે વાડ ઉખેડી કાઢેછે, અને જેટલું તેનાથી ખવાય તેટલું ખાતો અને જેટલું ખાયછે તેના કરતાં વધારે પગે દાબી નાખતો તે ખેતર ઉપર કુચ કરેછે. બીજે દિવસે ખેતરનો ધણી ઉઠીને જુવેછે કે રાત્રે હાથી ત્યાં આવ્યો હતો, અને પાકનો તદન ઘાણ વાળીને પાછો જંગલમાં જતો રહ્યો હતો. જ્યારે હાથીઓનું ટોળું જંગલમાં આસપાસ ફરેછે ત્યારે તેમનાંમાંનો સર્વથી મોટી ઉમરનો

હાથી સરદાર થઈને ચાલેછે. હાથણો અને બચ્ચાંઓને ટોળાના વચ્ચે રાખવામાં આવેછે; જ્યાં તેઓ ઘણીજ સલામતી સાથે રહેછે. ત્યારપછી પોતાના રસ્તામાં અડચણ કરતી ઝાડની ડાળીઓ મરડતા અને ભાંગતા, અને કચડી નાખવાનો ભારે અવાજ કરતા, સઘળા કુચ કરેછે. સાધારણ રીતે હાથી શાંત અને કોઇને ઇજા ન દે એવોછે તોપણ જંગલમાંથી કુચ કરતા હાથીના ટોળા ઉપર હુમલો કરવાને કોઈની હિમ્મત ચાલતી નથી. એશિયા ખંડમાં હાથીને પાળવામાં આવેછે, અને તેની પાસે કામ કરાવવામાં આવેછે. અગાઉ આફ્રિકા ખંડમાં જે હાથી મળી આવેછે તેમને પણ પાળવામાં આવતા હતા. અસલના વખતમાં આફ્રિકાખંડના હાથીની પીઠ ઉપર સવાર થઇને શિપાઈઓ વારંવાર લડાઈ લડવા જતા હતા. પણ હમણાં જે હાથી આફ્રિકામાં મળી આવેછે તેનો તેના કિમતી શૂળદંતને માટે શિકાર કરવામાં આવેછે, જે શૂળદંતમાંથી ઘણી ઉપયોગી અને સુંદર ચીજો બનેછે.

સાર—જમીન ઉપર ચાલનારાં સઘળાં જનાવરોમાં હાથી સર્વથી મોટો છે, અને તે એશિયા અને આફ્રિકા એ બંને ખંડોમાં મળી આવેછે. તે નહાવાનો શોખીન છે; પાણીમાં ઉભો રહીને પોતાના આખા શરીર ઉપર તે પાણી ઉડાડેછે. તેને વળી મેવો પણ ભાવેછે, અને તે ઝાડનાં પાંદડાં અને કુમળી ડાંખળીઓ ખાયછે. કોઇ વેળા તે ખેતરમાં ધસી આવેછે, અને અનાજ તથા ચોખાના પાકને બહુ નુકસાન કરેછે.

TOO LATE AND BY AND BY.

જોઇએ તે કરતાં મોડું અને રફતે રફતે અથવા મુલતવી રાખવાનાં માઠાં પરિણામ વિષે.

એક ગ્રહસ્થ જે ન્યુફૉરૅસ્ટની સરહદ ઉપર રહેતો હતો તેને સૉલોમન નામનો એક દીકરો હતો, જે ઘણો ધીમો હતો. તેનાં માતાજીએ તેનું નામ સૉલોમન પાડયું, કારણકે તેવણે કહ્યું, કે આ ડહાપણવાળો દીકરો છે. ધીમો પણ ખાતરીપુર્વક કામ કરનારો હંમેશાં સારી રીતેજ કામ કરવાનો. તેના બાપે કહ્યું, પણ આ દીકરો તો જોઇએ તે કરતાં ઘણોજ ધીમો છે, અને તે હાલ છે તેના કરતાં જરા વધારે ઝડપવાળો અને ઓછો આળસુ ન થશે તો મોટો થશે ત્યારે કોડીને કામનો થવાનો નથી. જ્યારે તે આશારે દશ વર્ષની ઉમરનો થયો ત્યારે તેના બાપે અને તેના મિત્રોએ જંગલમાં ઉજાણી જવાનું ઠરાવ્યું, અને તેમને ત્યાં લઈ જવા માટે તેઓએ એક મોટી ગાડી ભાડે રાખી. તેઓ સવારે સાત વાગે ઘરમાંથી નીકળવાના હતા. સૉલોમનને એ વિષેની ખબર હતી, કારણકે તેણે પોતાના બાપને તેવું કહેતાં આગલી રાત્રે સાંભળ્યું હતું. બીજે દહાડે તે જ્યારે જાગૃત થયો ત્યારે છ વાગ્યા હતા, અને સૂરજ બહુ તેજથી પ્રકાશતો હતો, પણ તે આગળની માફક આળસુજ રહ્યો. તેણે પોતાના મન સાથે કહ્યું કે જો હું સાત વાગે તેની પહેલાં માત્ર દશ મિનિટ અગાઉ ઉઠું તો મને તૈયાર થઇને નીચે જવાને પૂરતો વખત મળશે. તેવા વિચારથી તે બીછાનામાં શાંત પડી રહ્યો, અને જ્યારે સઘળા ઉજાણી જનારા માણસો તેના ઓરડા આગળથી થઇને નીચે ગયા, ત્યારે તેઓનાં પગલાંનો અવાજ તેણે સાંભળ્યો. તેઓએ તેને નામ દઇને બોલાવ્યો; પણ તેણે કાંઈ પણ જવાબ દીધો નહિ, અને માત્ર

આદરોમાં વીંટળાયા કર્યો. છેલ્લે સરવાળે તે ઝડપથી ઉઠયો, કપડાં પહેરી લીધાં, અને નીચે દોડતો ગયો. પણ તેણે નાસ્તો કરવાનો ઓરડો ખાલી જોયો, અને ગાડીતો ગએલી હતી. પોતાની ટોપી ઝડપ ઉપાડી લઇને તે જેમ બને તેમ ઝડપથી રસ્તા ઉપર દોડયો; પણ પવન બહુ જોરમાં ફૂકતો હતો, અને આખે રસ્તે ધૂળના ગોટે ગોટા હતા. તેણે ગાડી થોભાવવાને માટે ચીચારી પાડી અને બૂમ પાડી; પણ સર્વ ફોકટમાં ગયું. કોઇએ તેનું બોલવું સાંભળ્યું નહિ, અને આખરે દોડવાથી થાકી જઇને અને ધૂળથી ઘણો ગુંગળાઈ જઇને તે ફફડતો ચટકતો ઘર તરફ પાછો આવ્યો. પણ આ બનાવથી તેણે પોતાની માઠી ચાલ સૂધારી નહિ. તે છોકરો હતો ત્યારે જેવો આળસુ હતો તેવોજ આળસુ તે મોટો થયો ત્યારે પણ રહ્યો; અને જ્યારે ધંધે લાગ્યો ત્યારે ભાડેની ગાડી તેના દરવાજા આગળથી દરરોજ બરાબર વખતે જતી, પણ તેમાં બેશીને જવાને તે કદી પણ તૈયાર થઈ રહેતો નહિ. ટેકડી ઉપર દોડતો જતો અને ગાડીને થોભાવવાને બૂમ પાડતો એવી હાલતમાં તમો તેની તરફ માત્ર ચિત્રમાં જુઓ.

એક બીજો છોકરો જે હંમેશાં જે કામ કરવાનું હોય તે મુલતવી રાખતો હતો તેની બીજી વાત છે. તે કાંઈ પણ કામ જે વખતે કરવું ઘટે તે વખતે કદી પણ કરતો નહિ. જે શબ્દો તે વારંવાર બોલતો હતો તે "રફતે રફતે અને આવતી કાલે" એ હતા. તેનાં માતાજીએ કહ્યું, જેમ્સ તમો વાડીનો દરવાજો બંધ કરો. જેમ્સ જે એક રમુજી વાર્તા વાંચતો હતો તેણે કહ્યું, માતાજી, જરાવારમાં બંધ કરૂંછું. તેણે વાર્તા પૂરી કરી અને પછી દરવાજો બંધ કરવા ગયો; પણ તે અગાઉ તો ડુક્કરો બાગની અંદર આવ્યાં હતાં, અને લાગત મહિનાઓ સૂધી કામ કરતાં પણ સૂધરી ન શકે એટલો બગાડ

ર્યો હતો, અને ઝાડ મૂળમાંથી ઉખેડી નાંખ્યાં હતાં. તેનાં માતાજી બોલ્યાં, જેમ્સ તમારો પાઠ શીખોની? જેમ્સ જે નવું પતંગ બનાવતો હતો તેણે જવાબ આપ્યો, હું રફતે રફતે તે કરીશ. પતંગ તૈયાર થયું, પણ પાઠ કદી તૈયાર થયોજ નહિ. બીજે દહાડે જેમ્સ વર્ગમાં પોતાની જગા ઉપરથી નીચે ઉતરી ગયો, અને તેથી ઈનામ મેળવવાની આશા રહી નહિ. નાનપણે જેમ્સની જે ખાસિયત હતી તે મોટપણે પણ રહી. એક નાણાવટીની પેઢી જે દીવાળું કાઢવાની તૈયારીમાં હતી તેમાંથી પોતાનું નાણું ઉપાડી લેવાને તેણે આવતી કાલ ઉપર ઠરાવ્યું; પણ કાલ થાય તેની અગાઉ તે નાણાવટીની પેઢીએ દીવાળું કાઢ્યું, અને તેણે પોતાની સઘળી પુંજી ખોઈ દીધી. તેણે પોતાના ઘર અને દુકાનનો વીમો ઉતરાવવાને આવતી કાલ ઉપર ઠરાવ્યું; પણ તે અગાઉ તેઓમાં આગ લાગી, તેઓ બળી ગયાં, અને તે તદન પાયમાલ થઈ ગયો. "જે તમો આજે કરી શકતા હોવો તે કાલ ઉપર કદી મુલતવી રાખતા ના" એ કહેવત સઘળા માણસોએ શીખવી જોઈએ.

સાર—ધીમો સૉલોમન સુસ્ત છોકરો હતો. તે મોડો ઉઠયો તેથી જ્યારે તેના મિત્રો જંગલમાં ઉજાણીની મજાહ મારતા હતા, ત્યારે તેને ઘરમાં એકલું રહેવું પડયું હતું. તે મોટો થયો ત્યારે પણ સુસ્ત રહયો, અને વારંવાર તે ગાડીમાં બેશવા માટે એટલો મોડો આવતો કે થોભાવ, થોભાવ, એવી બૂમ પાડીને તે ગાડીની પછવાડે તેને દોડવું પડતું હતું.—જેમ્સ નામના બીજા છોકરાને જે આજે કરવું ઘટે તે આવતી કાલ ઉપર મુલતવી રાખવાની ટેવ હતી. જ્યારે તે છોકરો હતો ત્યારે નિશાળમાં અભ્યાસ કરવામાં પાછળ પડી ગયો, અને મોટો થયો ત્યારે પાયમાલ થયો.

LITTLE DICK AND THE GIANT.

નાનો ડિક અને રાક્ષસ અથવા અઘટિત ક્રૂરપણું ન કરવા વિષે.

નાનો ડિક ઘણો આનંદી પ્રાણી હતો. તેને આખો દિવસ ગીત ગાવાની અને સીસોડી વગાડીને આસપાસ ફરવાની ટેવ હતી. તે હંમેશાં આનંદી રહેતો અને કોઈ પણ બનાવથી તે કદી દલગીર થતો નહિ. એક દિવસે પોતાના ઘરથી થોડે દૂર આવેલા જંગલમાં રખડવા જવા માટે ડિકે વિચાર કર્યો; તેથી જ્યાંસુધી જંગલમાંથી તેના ગીતનો અને તેની સીસોડીનો પડઘો પાછો આવ્યો ત્યાંસુધી ગીત ગાતો અને સીસોડી વગાડતો તે ઉમંગ અને ખુશીથી નીકળ્યો. આખરે જે નાળું જંગલમાંથી થઈને વહેતું હતું તે નાળા આગળ તે આવી પહોંચ્યો; અને તેને તરસ લાગેલી હતી તેથી પાણી પીવા માટે તે કિનારા આગળ જમીન ઉપર આવ્યો. પણ તેજ વખતે તેને પછવાડેથી કોઈએ ઓચીંતો પકડી લીધો; અને પોતાના કદ કરતાં સોગણા મોટા રાક્ષસના સપાટામાં પોતે ફસ્યોછે, એવું તેને માલુમ પડયું. તે રાક્ષસે મોટી ખુશાલી સાથે તેની તરફ જોયું, અને તેને મોટી કોથલીમાં મૂક્યા પછી તેને લઈને ચાલતો થયો. બિચારા ડિકે તે કોથલીમાંથી બહાર આવવાને પોતાથી બને તેટલી તજવીજ કરી પણ ફોકટ ગઈ. તેણે ચીચારી પાડી, તેણે તરફડીઆં માર્યાં, અને કોથલી ફાડી નાખવાની કોશેશ કરી; પણ છૂટી જવા માટે તે જે તજવીજ કરતો હતો તે જોઈને તે રાક્ષસને માત્ર હસવું આવ્યું, અને તેને મજબૂત રીતે પકડીને તે આગળ ચાલ્યો. આખરે એક અંધારી જગા જેની ચોતરફ ઊંચી ભીંત હતી, અને જ્યાં ફૂલ અને ઝાડનું નામ પણ ન હતું તે જગા જેમાં તે રાક્ષસ રહેતો હતો, ત્યાં તે આવી પહોંચ્યો. તેણે ઘરમાં આવીને બારણું બંધ કર્યું, અને કોથળીમાંથી

ડિકને બહાર કાઢયો. તે બીચારા બંદીવાને (ડિકે) જાણ્યું કે તેની મરવાની વેળા આવી હતી. કારણકે જ્યારે તેણે આસપાસ નજર કરી ત્યારે મોટા આતશ ઉપર પોતાના કરતાં મોટા બે પ્રાણીઓ તે રાક્ષસના ભોજનને માટે શેકાતા તેણે જોયા. તોપણ તે રાક્ષસે તેનો પ્રાણ લીધો નહિ, પણ જે બંદીખાનું તેને માટે તૈયાર કરી રાખેલું હતું તેમાં તેને પૂર્યો. તે બંદીખાનું ચોમેર લોઢાંના સળીઆ સાથનું અંધારૂં હતું; અને સુકી રોટલીનો એક કડકો અને પાણીનું એક પ્યાલું એટલોજ ખોરાક તેમાં હતો. ડિકે પોતાનું માથું લોઢાના સળીઆ સાથે અફાળ્યું અને આગળ અને પાછળ પછાડા માર્યા, અને અતી દુઃખી થયું હોય એવું જણાયું. બીજે દહાડે તે રાક્ષસ પાછો આવ્યો અને ડિક તરફ જોયું; અને તેણે રોટલી મુદ્દલજ ખાધી ન હતી એવું જોઇને તેણે તેનું માથું પકડયું, અને તેના ગળામાં થોડી રોટલી પોતાને હાથે નાખી. બીચારો ડિક એટલો બીધો હતો કે તેને ખાવા પીવાનું ભાન પણ ન હતું. બીજે દહાડે પણ તેને અંધારામાં એકલો રહેવા દીધો, અને તે દહાડે તેને ઘણી દલગીરી લાગી. તે બિચારા પ્રાણીએ પોતાનું ઘર, પોતાના સોબતી, સૂર્યની રોશની, ઝાડો, ફુલો, અને ઘણા સુંદર પદાર્થો જે તેને ખાવાની ટેવ હતી તે વિષે વિચાર કર્યો; અને પછી તેણે ચીચારી પાડી, અને લોઢાના સળીઆની વચ્ચેથી બહાર નીકળી પડવાની કોશેશ કરી, અને પોતાનું શરીર પછાડવા અને ટુપવા લાગ્યો. તે રાક્ષસ પાછો આવ્યો, અને જે પ્રમાણે ડિકને ગાવાની ટેવ હતી તે પ્રમાણે ગાવાને અને આનંદી અને સુખી થવાને તેણે કહ્યું. તેણે ત્રણવાર ડિકને કહ્યું કે ગીત ગા. પણ ડિક એટલો તો દલગીર હતો કે તેનાથી ગીત ગવાયુંજ નહિ. બંદીખાનું કાંઈ ગીત ગાવાની જગા નથી. આખરે તે રાક્ષસ ગુસ્સે થઇ ગયો, અને ફરજ પાડીને ગીત ગવડાવવા માટે ડિકને બહાર

કાઢયો. ડિકે મોટી ચીચારી પાડી, પોતાનું શરીર આગળ ઝોકાવ્યું, છૂટી જવા માટે તરફડીઆં માર્યાં, અને છૂટી ન જવાયાથી તે રાક્ષસનાં હાથમાં મરી ગયો. આ ખરી બનેલી વાત છે.—ગરીબ ડિકિ નાનું પક્ષી હતું, અને તે રાક્ષસ એક ક્રૂર છોકરો હતો.

સાર—જ્યારે કોઈ ક્રૂર છોકરો નાનાં પક્ષીને પીંજરામાં પુરેછે, ત્યારે કોઇ નાના છોકરાને કોઈ રાક્ષસે પકડીને ચોતરફ લોઢાંના સળીઆ જડેલા બંદીખાનામાં નાખ્યો હોય એવું લાગેછે.

HOUSES MADE OF SNOW.

બરફનાં બનાવેલાં ઘર વિષે.

છેક ઉત્તર ધ્રુવ તરફ વસનારા લોકોને ઍસ્કિમો કહેછે. આપણે જેવા ઘરમાં રહીએ છીએ તેવા ઘરમાં તેઓ રહેતા નથી. આખા શિયાળા સુધી તેઓ બરફના બનાવેલાં ઝુપડાંમાં રહેછે. આ ઝુપડાં જ્યારે તરતનાં બનાવેલાં હોયછે ત્યારે ઘણાં સાફ અને ધોળાં હોયછે; પણ તેઓ જલદીથી મેલાં થઈ જાયછે, અને ઉન્હાળો બેસેછે ત્યારે તેઓ પીગળવા માંડેછે. કોઈવાર કિનારા ઉપરથી લાકડાંના ટુકડાઓ ઍસ્કિમોને મળી આવેછે, જે ટુકડાઓ કોઈ બીજા દેશમાંથી મોજાઓના જોરથી તણાઇને ત્યાં આવી પડેલા હોયછે; અને આ ટુકડાઓ એકઠા કરીને તેવડે તેઓ પોતાનાં ઝુપડાં બાંધેછે. જ્યારે લાકડું ન મળે ત્યારે તેને બદલે સ્વચ્છ સફેદ બરફ તેઓ ઝુપડાં બાંધવામાં વાપરેછે. તે બરફ બંધાઇને એટલું કઠણ થએલું હોયછે કે આખો શિયાળો સુધી તે મજબુત રીતે બાઝી રહેછે. કોઈવાર બતી, લોકો અને કૂતરાઓની ગરમીથી તેની ભીંત જરા ટપકવા માંડેછે; પણ

તાજા બરફનો એક કડકો તે ઓગળેલા ભાગ ઉપર ચોળવાથી તે પાછી જેવીને તેવી થઈ જાયછે. આ ઝુપડાંની બારી કાચની કરેલી નથી પણ બરફની કરેછે. ઝુપડાંમાં આતશ નથી હોતો, તોપણ તેમાં ઍસ્કિમોથી ખમી શકાય એટલી ગરમી હોયછે. તે પોતાની બતીથી ઝુપડામાં ગરમી ઉત્પન્ન કરેછે. જે બતી તેલથી ભરેલી રકાબી જેવું વાસણ (કોડીયું) માત્ર છે. ઘણી દીવેટ તેલની સપાટી ઉપર હોયછે, અને તે સઘળી દીવેટ તે સળગાવેછે. બળતી દીવેટથી ઓરડામાં ગરમી રહેછે. તે બતી ઉપર રાંધવાનું એક વાસણ ટાંગેલું હોયછે; પણ વારંવાર તે કાચું માંસ ખાયછે. તેના ઝુપડામાં ખુરસી કે મેજ હોતી નથી, કારણ તે બનાવતાં તેને આવડતું નથી: પણ ઝુંપડાની ચોમેર હુંફાળાં ચામડાં ઢાંકેલી એક ઊંચી પાળ હોયછે. દિવસની વખતે તે પાળની ઉપર તે બેશેછે, અને રાત્રે તેની ઉપર તે સુવેછે; પણ ચામડાંની નીચે તો માત્ર બરફજ હોયછે. જ્યારે ઉન્હાળો આવેછે ત્યારે તે બરફના ઝુપડામાંથી જતો રહેવાને ઍસ્કિમો ખુશી થાયછે. તેની ભીંત ટપકવા માંડેછે, અને જ્યારે રાત્રે તે ઊંઘેલો હોયછે ત્યારે ઘણીવાર તે ભીંજાઇ જાયછે, અને તેને સરદી થઈ આવેછે. તે કારણને લીધે તે ઝુપડામાંથી પોતાના તંબુમાં જવાને તે ખુશી થાયછે, જેમાં તે ઉન્હાળામાં રહેછે.

સાર—શિયાળામાં ઍસ્કિમો બરફનાં બનાવેલાં ઝુપડાંમાં રહેછે. બરફ કઠણ બંધાએલો હોય તો લાંબો વખત સુધી તે ટકી રહેછે. આ ઝુપડાંની બારી કાચની નહિ પણ બરફની કરવામાં આવેછે, અને હુંફાળાં ચાંમડાંથી ઢાંકેલી એક ઊંચી પાળ દિવસની વખતે બેશવા ઉઠવાને અને રાત્રે સૂવાને કામ લાગેછે. ઉન્હાળામાં ઍસ્કિમો તંબુમાં રહેછે.

BRAVE BOBBY.

બહાદુર બૉબિ.

કેટલાંક વર્ષ અગાઉ એક વહાણ જે ચીન જવા માટે માંડેલું હતું તેમાં બીજા ઉતારૂઓ સાથે એક અમલદાર, તેની બાઇડી, તેનો એકપુરો છોકરો (જે નાનો પાંચ વર્ષનો હતો) અને એક બૉબિ નામનો મોટો ન્યુફાઉન્ડલાન્ડનો કુતરો એઓ હતાં. બૉબિ એટલો સારા સ્વભાવનો અને રમતિયાળ હતો કે વહાણ ઉપરનો દરેક માણસ તેને ચહાતો હતો; પણ તે નાનો છોકરો હંમેશાં તે કુતરાનો રમતનો ગોઠીઓ હતો. તે નાનો આનંદી છોકરો હતો, અને બંને એક બીજા તરફ સરખો પ્યાર બતાવતા હતા. એક સાંજે તે નાનો છોકરો અને તે કુતરો ઉછાછલી રમત રમતા હતા, ત્યારે વહાણે જરા ઝોકો ખાધો, અને તે છોકરો અકળાવાના અવાજ સાથે (છપ દઇને) પાણીમાં પડયો. કોઇ દરિયામાં પડયું, કોઈ દરિયામાં પડયું, એવો બુમાટ થઈ રહ્યો; અને તે બહાદુર કુતરો વહાણની બાજુએ-થી કુદી પડયો. શિકારી કુતરાની માફક તે બાજુ પસાર કરી ગયો, અને વહાણના પાછલા ભાગ તરફ તરતો ગયો. તે નાના છોકરાનો બાપ અરધો ગાંડા જેવો થઈ જઇને બીજાઓની સાથે એક મછવા-માં કુદી પડયો; પણ એટલું અંધારૂં થઈ ગયું હતું કે તેઓ પોતાથી થોડે દૂરની ચીજ પણ જોઈ શકતા ન હતા. સઘળાઓએ તે છોકરા-ની જીવતો બહાર આવવાની આશા છોડી. આખરે તેઓએ વહા-ણની ડાબી બાજુએથી આવતો અકળાટનો અવાજ સાંભળ્યો. બાપે કહ્યું, 'ઝડપથી હલેસાં મારો.' મછવો ફેરવવામાં આવ્યો, ખલાસી-ઓએ પોતાના સઘળા જોરથી હલેસાં માર્યાં, અને એક પળમાં તે છોકરાને પોતાના મ્હોમાં પકડીને બહાદુર બૉબિ મછવાની બાજુએ

દેખાયો, ત્યારે સઘળાઓ બહુ ખુશીથી ખુશાલીના પોકાર કરવા લાગ્યા. મછવાને વહાણ તરફ પાછો હંકારી લઈ જવામાં આવ્યો, તે અરધો ડૂબેલો છોકરો પાછો સાજો થયો, માબાપ ખુશી થયાં, અને બહાદુર બૉબિ તરફ સઘળાઓએ હેત બતાવ્યું. ગૂડ હોપની ભૂશીર આગળ ઉતારૂઓ ઉતરવાના હતા. તે અમલદાર પોતાની બાઇડી અને છોકરા સાથે મછવામાં બેઠો; પણ તે મછવો જ્યાં સુધી વહાણથી દૂર જાય ત્યાં સુધી તે કૂતરાને ગળપટામાંથી મજબૂત પકડી રાખવાને તેણે ખલાશીઓને કહ્યું. તે કૂતરો કેવી સારી રીતે તરી શકેછે તે તમને ત્યારે જણાશે એવું તેણે ખલાશીઓને કહ્યું. બહાદુર બૉબિએ છૂટો થવાને ઘણી ખેંચતાણ કરી, પણ તે ફોકટ ગઇ; કારણકે જ્યાંસુધી મછવો કિનારે પહોંચ્યો ત્યાંસુધી તેઓએ તેને પકડી રાખ્યો. પણ જેવી તે અમલદારે નિશાની કરી કે તરતજ તે કૂતરાને છોડી દેવામાં આવ્યો, અને તે પૂર જોશથી દરિયામાં પડયો. એકાએક તે બીચારા પ્રાણીએ તીણી બૂમ પાડવા માંડી, અને પોતાની મેળે પાણીમાંથી બહાર આવવા મંડયો. પહેલાં તો એવું ધારવામાં આવ્યું કે તેને આંકડી આવી હશે. પણ જે દુઃખમાં તે આવી પડયો હતો તે દુઃખ આંકડી કરતાં પણ વધારે ખરાબ હતું,—એક શાર્ક માછલી તેની પાછળ લાગી હતી. મછવામાંથી વહાણ લગી સંભળાય એવો પોકાર થઈ રહ્યો કે એક શાર્ક માછલી આવીછે. બૉબિ જમણી અને ડાબી મેર તર્યો, અને ડૂબકી મારી અને ગોળ ફરી ગયો, પોતાના દાંત તે શાર્કને દેખાડતો, અને તે માછલીને પોતાની પીઠ ઉપર ફરવાની (ચત્તી થવાની) તક આપતો નહિ, અને ચત્તી થવા વગર તે માછલીથી તેને કરડી શકાતું ન હતું. બોટમાં બેઠેલા અમલદારે તરતજ જાણ્યું કે તે કૂતરાને બચાવવાને તે જગા ઉપર વખતસર જઇ પહોંચાય એવો સંભવ ન હતો. બિચારો બૉબિ જ્યાંસુધી

લગભગ થાકી જવા આવ્યો ત્યાંસૂધી તે તર્યો અને છટકી ગયો. તે.અમલદારે ખલાશીઓને કહ્યું કે હલેસાં મારવાનાં બંધ રાખો, અને મછવાને પાછો ફેરવો. એવું કહેતાંમાંજ તે શાર્ક માછલી જે કૂતરાની લગભગ પાસે આવી પહોંચી હતી તે ચત્તી થઈ ગઇ, અને પોતાનું ભયંકર મ્હો ઊઘાડયું. બૉબિ તેના મ્હોમાં આવી ગયો હતેજ. એટલાંમાં તેનો ધણી ઉઠયો, પોતાની બંદુક તાકી અને ફોડી. એક પળમાં પાણી લોહીથી લાલ થઈ ગયું; તે શાર્ક માછલીનાં ભયંકર જડબાંના ચુરેચુરા થઈ ગયા. ત્યારપછી જે જગાએ બૉબિ તરતો હતો તે જગાએ ખલાશીઓએ બોટ હંકારી. તે અમલદારે તે કુતરાને મછવામાં ખેંચી લીધો; તે છોકરાએ તેને કોટી કરી; અને મછવા-માંના અને વહાણ ઉપરના સઘળા ખલાશીઓએ ખુશીથી પોકાર કર્યો હુર્રે! હુર્રે! બૉબિ સહીસલામત છે, શાર્ક માછલી મરી ગઈ છે, હુર્રે! હુર્રે!

સાર—બૉબિ નામના એક ન્યુફાઉન્ડલાન્ડના કૂતરાએ દરિયામાં કૂદી પડીને પોતાના ધણીના છોકરાનો જીવ ઉગાર્યો. બૉબિ સારો તરનાર હતો. એક વેળા જે મછવામાં પોતાનો ધણી બેઠો હતો તેની પછવાડે તે તરતો જતો હતો, તે વેળાએ તે શાર્ક માછલીના સપાટામાં આવી જવાની તૈયારીમાં હતો; પણ તેના ધણીએ શાર્કને ગોળી મારી, અને પોતાના કૂતરાનો જીવ ઉગાર્યો.

A NOBLE BOY.

સારા સ્વભાવનો છોકરો અથવા ઉપકાર ખાલી જતો નથી તે વિષે.

૧—તે બાઇડી ઘરડી અને નબળી અને કાબરચીતરા વાળ-વાળી હતી, અને શિયાળાની કકડતી ઠંડીને લીધે વાંકી વળી ગઈ

હતી. તરતના પડેલા બરફથી મોહલામાં ભિનાસ હતો, અને તે બાઈડી થાકી ગએલી હતી અને ધીમે ચાલતી હતી. તેણી રસ્તાની સામી બાજુએ જવા માટે એકલી ઊભી, અને લાંબો વખત થોભી, પણ પસાર થતાં ટોળાંમાંથી કોઇએ પણ તેણીને મદદ કરવાની દરકાર કીધી નહિ.

૨—નિશાળમાં રજા પડવાથી છુટાપણાની ખુશાલીમાં હસતા અને પોકાર કરતા છોકરાઓનું ટોળું મોહલાને નાકેથી મેઢાંના ટોળાની માફક આવ્યું, અને જગ્યોથએલા સફેદ બરફને તેઓ આવકાર દેતા હતા. (તે બરફથી તેઓને ગમત પડતી હતી) તે ઘણી ઘરડી અને કાબરચીતરા વાળવાળી બાઈડી આગળથી છોકરાંઓ પોતાને રસ્તે ઝડપથી ચાલ્યાં ગયાં; અને તે ઘણી નરમાશવાળી, બીકણ અને ચાલતાં રખે પડી જાય તેને માટે ધાસતી રાખતી બાઈડીને મદદ કરવાને કોઇએ પણ ઇચ્છા દેખાડી નહિ.

૩—આખરે તે આનંદી ટોળામાંનો એક છોકરો જે આખા ટોળામાં સર્વથી મોજીલો હતો તે આવી પહોંચ્યો; તે ઘરડી બાઇડી આગલ આવીને તે ઊભો, અને આસ્તેથી તેણીને કહ્યું કે જો તમોને સામી બાજુએ જવાની ઇચ્છા હોય તો હું તમોને ત્યાં લઈ જવાને મદદ કરવાને તૈયાર છું. પોતાના પગ ઠરેલા અને મજબુત હતા તે માટે મગરૂબ થઇને તેણે તે ઘરડી બાઈડી જેના પગ ધ્રુજતા હતા તેણીને હાથ પકડીને ચલાવી.

૪—તેણે પોતાની ફરજ બજાવી હતી તેથી પૂર્ણ સંતોષ પામીને ખુશી ભરેલાં દીલ સાથે તે પોતાના સોબતીઓ આગળ પાછો આવ્યો. તેણે કહ્યું, છોકરાઓ તમે જાણોછો કે તેવણ કોઇનાં માતાજી હોવાં જોઇએ, કારણ કે તેવણ ઘણાં ઘરડાં અને ગરીબ અને ધીમાં

ખાવનારાં છે. અને તમો સમજોછો કે જો કદી મારાં માતાજી ગરીબ અને ઘરડાં અને કાબરચીતરા વાળવાળાં થાય, અને હું તેમનો દીકરો તે વખતે તેવણની આગળથી દૂર દેશમાં હોઉ ત્યારે તેવણને પણ આવી રીતે કોઇ મદદ કરશે એવી હું આશા રાખુંછું.

૫—અને તે કોઈ શખ્સનાં માતાજીએ તે રાત્રે પોતાના ઘરમાં પોતાનું માથું બંદગી કરતી વખતે નીચે નમાવ્યું; અને જે પ્રાર્થના તેવણે કરી તે આ હતી કે ઓ! ખોદા! તે ભલો છોકરો જેનાથી તેનાં માબાપ મગરૂબ અને ખુશી છે તેની તરફ માયા બતાવજો.

સાર—શિયાળામાં એક દહાડે એક ઘરડી બાઈડી મોહલામાં એક બાજુ ઉપરથી બીજી બાજુ ઉપર જવાને બીહતી એકલી મોહલામાં ઊભી રહી. કેટલાક નિશાળીઆઓ ખુશાલીથી પોકાર કરતા રસ્તે ચાલ્યા ગયા, તે વખતે તેઓમાંના એકે તે ઘરડી બાઈડી આગળ દોડતો આવીને તેણીને રસ્તાની બીજી બાજુ ઉપર જવાને મદદ કીધી. તેણે પોતાના સોબતીઓને કહ્યું, તેવણ કોઈનાં માતાજી છે, અને જ્યારે હું દૂર દેશમાં હોઊં ત્યારે કોઈ માણસ મારાં માતાજીને પણ આવી રીતે મદદ કરશે એવી હું આશા રાખુંછું.

THE TRUNK OF THE ELEPHANT.

હાથીની સુંઢ વિષે.

હાથીની સુંઢ ઇશ્વરની કળા અને ચતુરાઇનો અજાયબ જેવો દાખલો છે. ચોપગાં પશુઓને સહેલાઈથી પોતાનો ખોરાક મેળવવા માટે શક્તિવાન કરવાને ઘણુંકરીને લાંબી ગરદન હોયછે; પણ હાથીના ભારે શૂળદંત અને તેના મોટા માથાના ભારનું વજન વધારે સહેલાઇથી

ઝીલવાને તેને શક્તિવાન કરવા માટે તેની ગરદન ટૂંકી છે. ખોરાક મેળવવાની મુશ્કેલાઇ તેની લાંબી સુંઢવડે ઘણી અજાયબ જેવી રીતે ટાળવામાં આવીછે. બીજા પ્રાણીઓને ગરદન જે ઉપયોગમાં આવેછે તે ઉપયોગમાં આવવાને હાથીને સુંઢ હોયછે. તે સુંઢમાં વળી નાક પણ છે; કારણ કે તેને છેડે પ્યાલા જેવો પોળો ભાગ છે, જે ભાગને તળીએ બે નાકાં અથવા નસકોરાં છે, અને તેની મારફતે હાથી શ્વાસ લેછે અને વાસ લેછે. સુંઢ વળી હાથ અને પોંચાની પણ ગરજ સારે છે, તેથી એવું કહેવાયલુંછે કે હાથી પોતાનું નાક પોતાના હાથમાં લઈ ફરેછે; અને એવું પણ કહેવાઈ શકાય કે તે પોતાના હાથવડે શ્વાસ લેછે. જો આપણા હાથની મારફતે આપણે શ્વાસ લેતા હોઇએ તો આપણને કેવી અજાયબી લાગે! સુંઢને છેડે આશરે પાંચ તસુ લાંબો એક અજાયબ જેવો ભાગ છે, જેનું આંગલું થએલું છે. આ આંગલાં વડે જમીન ઉપરથી એક ટાંકણી અથવા નાનામાં નાનો શિક્કો હાથી ઉપાડી શકેછે; તે ફુલ અને બાજીપાલો પસંદ કરેછે, અને તેમને એક એક પછી વીણી લેછે; તે આંગલાં વડે તે ગાંઠ પણ છોડી શકેછે; કુંચીઓ ફેરવીને અથવા અડગરા હડશેલીને તે આંગલાં વડે દરવાજા ઉઘાડેછે અથવા બંધ કરેછે; અને આ આંગલાં વડે કલમના જેવા નાના હથિયારથી અક્ષરના જેવી બરાબર નિશાનીઓ કાઢતાં પણ એક હાથીને શીખવવામાં આવ્યું છે. પુખ્ત ઉમરે પહોંચેલા હાથીની સુંઢ આશરે આઠ ફીટ લાંબી હોયછે, તે સુંઢ તે પ્રાણીની મરજી માફક લાંબી અથવા ટૂંકી થઈ શકેછે અને ગમે તે બાજુએ ઘણી સહેલાઇથી તે પ્રાણી તેને ફેરવી શકેછે. તેમાં એટલું બધું બળ હોયછે કે તેના એક ફટકા વડે તે માણસને જમીન ઉપર પાડી નાખેછે, અને મધ્યમ કદનાં ઝાડોને જડમૂળથી ઉખેડી નાખી શકેછે.

સાર—હાથીની ગરદનની ગરજ તેની સુંઢથી સરેછે. સુંઢ વળી તેને નાક, હાથ, પોંચો અને આંગલાંની પણ ગરજ સારેછે.

THE SAILOR AND THE BIRDS.

ખલાશી અને પક્ષીઓ અથવા જેની ઉપર દુઃખ પડે તેજ દુઃખની વાત જાણે તે વિષે.

ઘણાં વર્ષ અગાઉ જ્યારે ફ્રાન્સ અને ઇંગલાન્ડ વચ્ચે લડાઈ ચાલતી હતી ત્યારે વારંવાર જમીન ઉપર લડનાર શિપાઇઓ અને દરિયામાં લડનારા ખલાશીઓ એ બંનેને દુશ્મનો બંદીવાન કરતા હતા. એક અંગ્રેજ ખલાશીને કેટલાંક વર્ષ સુધી એક ફ્રેંચ બંદીખાનામાં રાખવામાં આવ્યો હતો; પણ જ્યારે સલાહ થઈ ત્યારે તેને છોડી દેવામાં આવ્યો હતો. લંડન શાહેરમાં આવી પહોંચવા પછી જે પુલો ઉપરથી થઇને ટેમ્સ નદી ઓળંગી જવાયછે, તેમાંના એક પુલની નજદીક તે ચાલતો હતો ત્યારે તે એક પક્ષી વેચનારને મળ્યો, જેની પાસે વેચવા માટે ઘણાં પક્ષી હતાં. તે ખલાશીએ પોતે ઘણાં વર્ષ બંદીખાનામાં કાઢયાં હતાં તે વાત તેને યાદ આવી, તેથી તે આ પક્ષીઓ કેદ પડેલાં હતાં તે દેખાવ જોઈ શકયો નહિ; તેથી તેણે પાંજરાંમાંનાં સઘળાં પક્ષીઓ પાંજરાં સાથે ખરીદ કીધાં. આટલાં બધાં પક્ષીઓને ખરીદ કરવામાં તેની શું મતલબ હશે તે વિષે વિચાર કરવાથી તે પક્ષી વેચનારને અજાયબી લાગી. પોતે ખરીદ કીધેલાં પક્ષીઓને લઇને ચાલી જવાને બદલે તે ખલાશીએ તે પાંજરાંનું બારણું ઉઘાડયું, અને એક પછી એક સઘળાં પક્ષીઓને બહાર કાઢયાં, અને તેમને ઉડાડી મૂકયાં. આ દેખાવ જોઇને તે પક્ષી વેચનારને અચરતી લાગી. આવું મૂર્ખાઇ

ભરેલું કામ કરવા માટે તેણે તે ખલાશીને ઠપકો આપ્યો; પણ તે ઠપકો સાંભળવાથી તે ખલાશીને માત્ર હસવું આવ્યું, અને જ્યાંસુધી સઘળાં પક્ષીઓ ઉડી ગયાં, ત્યાંસુધી તેઓને ઉડાડવાનું કામ તેણે ચાલુ રાખ્યું. આખરે તે ખલાશી બોલ્યો કે જે બીના છે તે હું તમને કહુંછું. જેટલાં વર્ષ સુધી હું કેદખાનામાં પડયો હતો તેટલાં વર્ષસુધી તમે બંદીખાનું સેવ્યું હતે, તો તમે પણ આ પક્ષીઓને છૂટાં થએલાં જોઇને ખુશી થયા વિના રહતે નહિ. તે ખલાશીએ ઉપલું કારણ સમજાવ્યું તે વખતે બે નાના છોકરા તેની પાસે ઊભા હતા, અને જ્યારે તે ચાલતો થયો ત્યારે તેઓએ ખરાં જીગરથી તેને માટે ખુશાલીનો પોકાર કર્યો. તે મોજીલા ખલાશીએ ઘણો ખુશી થઇને પોતાની પાછળ જોયું. તેણે પોતાની ટોપી ઉતારીને તે છોકરાઓને માટે હુરરેનો પોકાર કર્યો, અને તે છોકરાઓ તે ખલાશી અને પક્ષીની વાત બીજાઓને કહેવાને ચાલતા થયા.

સાર—એક ખલાશી કે ફ્રાન્સમાં કેદ પડયો હતો, તેણે એક વેળા લંડનમાં એક પક્ષી વેચનાર પાસેથી આખું પાંજરૂં ભરીને પક્ષીઓ વેચાતાં લીધાં; અને તેઓને એવું કહીને ઉડાડી દીધાં કે બંદીખાનામાં જે વખત મેં ગુજાર્યોછે તેથી પક્ષીઓને છૂટાં થએલાં જોઇને મને ગમત પડેછે.

IS IT RIGHT ?

શું આ કામ કરવું વાજબી છે? અથવા હર કોઈ કામ કરવા પહેલાં તેના ઘટારતપણા ઉપર પહેલાં વિચાર કરવા વિષે.

ઍલિસ—ઍડવર્ડ, જ્યારે આપણે કોઈ કામ કરવાનાં હોઇએ ત્યારે તે કામ શરૂ કરતાં પહેલાં આપણે તે કામના વાજબીપણા

વિષેનો સવાલ આપણા મન સાથે પૂછવો જોઇએ; અને જો તે સવાલ આપણે પૂછીએ, અને તેનો સાચા મનથી (ખરા જીગરથી) આપણે જવાબ આપીએ તો તે કામ આપણને ઘણું ઉપયોગનું થઇ પડશે.

ઍડવર્ડ—અને ઍલિસ, તે સવાલ કયો છે? તે હું જાણવા માગુંછું.

ઍલિસ—તે સવાલ આ છે, "શું આ કામ કરવું ઘટારત છે"?

ઍડવર્ડ—ખચીત, આ ઘણો ટૂંકો સવાલ છે. અને તે ઘણો ફાયદા ભરેલો સવાલ છે એવો મારો વિચાર હું તમોને જણાવુંછું.

ઍલિસ—હા, તે ટૂંકો અને ફાયદા ભરેલો સવાલ છે. તે છતાં તમે તેને માટે જોઇએ તેવી કાળજી બતાવતા નથી એવી મને ધાસ્તી લાગેછે.

ઍડવર્ડ—ખરેખર! ઍલિસ, મેં કઇ વખતે ઘટતી કાળજી નથી બતાવી?

ઍલિસ—જે સઘળા પ્રસંગો ઉપર તમોએ કાળજી નથી બતાવી તે બધા તો મને યાદ નથી; પણ બે અથવા ત્રણ પ્રસંગો વિષે હું કહી શકીશ.

ઍડવર્ડ—તે પ્રસંગો કયા તે જાણવાની મારી ઇચ્છા થાયછે.

ઍલિસ—ઠીક, ત્યારે તમો કબૂલ થાઓ કે મારી ઉપર તમારે ગુસ્સો કરવો નહિ.

ઍડવર્ડ—ખચીત, હું ગુસ્સે થઇશ નહિ. એવું હું ખાતરીથી કહુંછું કે કોઇનો બગાડ કરવાની ધારણાથી હું કોઈ કામ કદી કરતો નથી.

ઍલિસ—હવે સાંભળો ભાઇ; જ્યારે તે દહાડે માતાજીએ તમોને કાંઇ કામસર જવા કહ્યું ત્યારે તમોએ તેવણને જવાબ આપ્યો કે 'હું જવા માંગતો નથી;' અને તેવણને સવાલ કીધો કે 'તમે બેહેનને કાં મોકલતાં નથી'?

ઍડવર્ડ—તે કહેવાનું કારણ એ હતું કે હું ત્યારે ભમરડો ફેરવવામાં બહુ ગુંતાયો હતો.

ઍલિસ—પણ ભાઈ! એવો જવાબ દેવો એ શું તમોએ વાજબી ધાર્યું કે? આપણાં માતાજી આપણા ઉપર કેટલીબધી મહેરબાની રાખેછે, અને તેવણ આપણા ફાયદાને માટે કેટલાં બધાં કામ કરેછે તેનો માત્ર વિચાર કરો.

ઍડવર્ડ—હા, હું જાણુંછું કે આપણાં માતાજી આપણી ઉપર ઘણી મહેરબાની રાખેછે, અને આપણે દરેક બાબદમાં તેવણનો હુકમ માનવો જોઇએ, અને તેવણને દરેક કામમાં મદદ આપવી જોઇએ; પણ એવો વિચાર તે વેળા મને આવ્યો નહિ.

ઍલિસ—તમો જેમ કહોછો તેમજ બરાબર હતું. તમોએ તે વેળા વિચાર કર્યો નહિ; 'મારાં માતાજીના કામમાં તેવણને મદદ કરવાને નાખુશી બતાવવી એ કામ શું વાજબી છે'? એવો સવાલ તમોએ તમારા મનમાં પૂછ્યો નહિ; અને ગઇ કાલે તમે તમારા નાના ભાઈ ઉપર ગુસ્સે થયા તે કામ શું તમે વાજબી કર્યું?

ઍડવર્ડ—**ઍલિસ**! તે કામ વાજબી ન હતું; પણ ખરેખરી બીના એ છે કે જ્યારે હું એક વાર્તા વાંચતો હતો ત્યારે તેણે મને હેરાન કીધો, અને મેં તેને હડશેલો મારીને દૂર કર્યો, તે પહેલાં તે કામ વિષે મેં વિચાર કર્યો ન હતો. આ કામ મેં ખોટું કર્યું, અને તેને માટે હું બહુ ખેદ પામુંછું.

ઍલિસ—માત્ર બીજું એકજ કામ જેને માટે મને હમણાં વિચાર આવ્યોછે, તે વિષે હું કહેવા માગુંછું. થોડા દહાડાની વાત ઉપર જ્યારે શિક્ષકે તમને સવાલ પૂછ્યો, ત્યારે શિક્ષક ન જાણે એવી

મુશ્કેલીથી તે સવાલના જવાબને માટે તમારી ચોપડીમાં જોતાં મેં તમને જોયા.

ઍડવર્ડ—હા, તેનો જવાબ મને ન આવડયો, માટે મેં જોયું. તેમા કાંઈ ખોટું કામ મેં કર્યું હોય એવું મને લાગતું નથી.

ઍલિસ—ભાઈ, ઍડવર્ડ! તમો એવું કેમ બોલોછો! તમોને જ્યારે તમારો પાઠ આવડતો ન હતો તોપણ તમો તે પાઠ જાણોછો, એવો તમારા શિક્ષકના મનમાં તમારે વિષે વિચાર ઉત્પન્ન થવા દેવો, એ કામ ખચીત તમારા શિક્ષકને ઠગવાનું હતું. તે કામ વાજબી હતું એવું શું તમો ધારોછો? ભાઈ!

ઍડવર્ડ—**ઍલિસ**! તે કામ વાજબી ન હતું; પણ તેને માટે મને વિચાર આવ્યો નહિ. તમે મને આ બધી વાત જણાવી માટે હું તમારો આભાર માનુંછું; અને હવે હું કબૂલ થાઉંછું કે જ્યારે પણ હું કોઇ પણ કામ કરવાને લલચાઉં, ત્યારે તે કામ શરૂ કરતાં પહેલાં તે વાજબી છે કે નથી, તે માટે મારા મન સાથે હું હંમેશાં સવાલ પૂછીશ.

ઍલિસ—તમોને આ રીતે બોલતાં સાંભળીને હું બહુજ ખુશી થઈછું; અને જેવી કબૂલાત તમે આપોછો તેજ પ્રમાણે જો કામ કરશો તો તમો તેથી ઘણા સુખી થશો.

સાર—કાંઇપણ કામ શરૂ કરવા અગાઉ તે કામ કરવું વાજબી છે કે નથી એવો સવાલ આપણા મન સાથે હંમેશાં પૂછવો જોઇએ. જ્યારે ઍડવર્ડનાં માતાજીએ તેને કાંઈ કામે જવા કહ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે મારે જવાની ઇચ્છા થતી નથી; કારણકે તે ભમરડા ફેરવતો હતો. જ્યારે તે એક વાર્તા વાંચતો હતો ત્યારે તેના નાના ભાઇએ તેને કાયર કર્યો, તેથી તે તેની ઉપર ગુસ્સે થયો. અને

જ્યારે તેને શિક્ષકે સવાલ પુછયો ત્યારે તેણે ઘુસ્ચાઇથી ચોપડીમાં જોયું. તેણે પોતાની બહેનને કબુલાત આપી કે હવે પછી હું હંમેશાં કોઇપણ કામ કરવું વાજબી છે કે નથી એવો સવાલ મારા મનમાં પુછીશ.

THE ENGLISH GIRL AND HER AYAH

અંગ્રેજ છોડી અને તેણીની દાસી અથવા પરમેશ્વર સર્વેની પ્રાર્થના સાંભળેછે તે વિષે.

એક દિવસે એક અંગ્રેજ છોડી હિંદુસ્તાનમાં પોતાના બાપના તંબુથી થોડે દૂર એક જંગલની સરહદ નજદીક રમતી હતી. એક સુંદર હરણનું બચ્ચું જે એવડું નાનું હતું કે દોડી ન શકે એવું દેખાતું હતું, અને જે પોતાની કોમળ કાળી આંખોથી તે છોડીની તરફ નીહાળીને જોતું ઊભું રહ્યું, તે હરણનાં બચ્ચાં તરફ તેણીનું ધ્યાન ખેંચાયું. તે બચ્ચાંને પકડવાની આશામાં તે છોડી તેની તરફ ગઇ; પણ તે હરણનું બચ્ચું બીધું હોય એવા દેખાવ સાથે પાછળ હઠી ગયું, અને નાઠું. તે છોડી તેની પાછળ દોડી; પણ તે હરણનું બચ્ચું જંગલમાંના ઊંચા બરૂ અને ઘાસમાં તરતજ સંતાઇ ગયું. જ્યારે તે દાસીને માલૂમ પડ્યું કે તેણીને સોંપેલું બાળક ગુમ થયું હતું, ત્યારે તેને શોધવા તે જલદીથી દોડી ગઇ. પણ તે હરણના બચ્ચાની પુંઠે લાગવામાં તે છોડી એટલી આતુર થઇ હતી, કે જ્યારે તે દાસી તેને જઇ મળી ત્યારપહેલાં તે છોડી તંબુથી થોડે દૂર ગએલી હતી. તે છોડીને પોતાના હાથમાં ઊંચકી લઇને તેણીએ પાછા ફરવાની કોશિશ કરી; પણ ચોતરફ બરૂ અને ઘાસ એટલું ઊંચું ઉગ્યું હતું, કે તે દાસી પોતાની આગળથી બે વારને છેટેની ચીજ પણ જોઇ શકતી ન હતી.

તે છોડીને પોતાના હાથમાં રાખીને તેણી થોડાં પગલાં ચાલી; પછી ઊભી રહી ગઈ, અને ભય પામી હોય એવા દેખાવથી આસપાસ જોવા લાગી. તે ગરીબ હિંદુ બાઈડી બોલી 'આપણે જંગલમાં, અને તે પણ ભયાનક જંગલમાં ભૂલાં પડયાં છિયે. સોનેરી બાલવાળી તે અંગ્રેજ છોડી બોલી '**મોતી**! તું આટલી ગાભરી ના થા. પરમેશ્વર આપણને ભયમાંથી બચાવશે, અને ઘર પાછાં જવાનો રસ્તો બતાવશે. તે એકાંત જંગલમાં પણ મોટો અને પ્યાર બતાવનારો પરમેશ્વર તેઓની નજદીક તેઓને સહાય થવાને માટે હતો, એવું તે અંગ્રેજ છોડીને લાગતું હતું તેમ તે હિંદુ દાસીને લાગતું ન હતું. તે દાસીએ ફરીથી રસ્તો શોધી કાઢવાની કોશેશ કરી; પણ ફરીથી તેણી ભય પામીને ઊભી રહી ગઈ. તે ધુરકવાનો અવાજ જેથી તેણી ચોંકી, અને તે છોડીને પોતાની છાતી સાથે વધારે જોરથી દાબીને ભોંય ઉપર ફસડાઈ પડી, તે અવાજ કોણનો હતો? જે બાજુએથી તે ભયાનક અવાજ આવ્યો હતો તે બાજુએ જોવા માટે બંને જણાંએ નજર ફેરવી. હીલતા ઘાસની ઉપર બંગાલી વાઘનું ચટાપટાવાળું માથું જ્યારે તેઓએ જોયું, ત્યારે તેઓને કેવી બીક લાગી! ગભરાટથી તે દાસીએ ચીશ પાડી, અને તે નાની છોડીએ પોતાનું રક્ષણ કરવા માટે પરમેશ્વરની વિનતી કરી. જ્યારે એક બંદુકનો કાન ફાડી નાખે એવો અવાજ તે ઝાડીમાંથી સંભળાયો, અને પછી તરતજ બીજો અવાજ સંભળાયો, ત્યારે તે છોડીની પ્રાર્થનાનો તરતજ જવાબ મળ્યો હોય એવું જણાયું; અને તે વાઘ મરણતોલ ઘાયલ થએલો જમીન ઉપર તરફડીઆં મારતો અને ગોલાંટ ખાતો પડયો. ઇદિથ જે તે છોકરીનું નામ હતું તેણીએ ત્યાર પછી શું બન્યું તે કાંઈ જાણ્યું નહિ. ભયથી બેભાન થઈ જઇને તેણી પોતાની ધ્રુજતી દાસીના હાથમાં પડી. તેઓના રક્ષણને માટે પરમેશ્વરે તે છોડીના બાપનેજ

મોકલી આપ્યો હતો. તે પોતાની છોકડીને પોતાના હાથમાં ઊંચકી લઇને તેણીને તંબુમાં પાછો લઈ ગયો, અને જે નોકરો તેની પાછળ આવ્યા હતા તેઓને તે મરેલા વાઘને તંબુમાં લઈ આવવા માટે મૂકી ગયો.

સાર—હિંદુસ્તાનના એક જંગલમાં એક વેળા એક અંગ્રેજ છોકડી અને તેણીની દાસી ભૂલાં પડયાં. જ્યારે તેઓ જંગલમાંથી નીકળવાનો રસ્તો શોધવાની કોશિશ કરતાં હતાં, ત્યારે તેઓએ બંગાલી વાઘનો પોકાર સાંભળ્યો. ધાસતીને લીધે તે દાસીએ ચીશ પાડી, પણ તે નાની છોકડીએ પોતાનું રક્ષણ કરવા માટે પરમેશ્વરની પ્રાર્થના કરી. તેજ પળે તેણીનો બાપ ત્યાં આવી લાગ્યો, વાઘને ગોળીથી માર્યો, અને સહીસલામત રીતે તેણીને ઘર લાવ્યો.

HALF THE PRICE.

અરધી કિમ્મત અથવા અપ્રમાણિક નોકરને થએલી સજા વિષે.

એક ઉમરાવ જે દરિયા કિનારાથી દૂર કિલ્લામાં રહેતો હતો, તે પોતાના જન્મની મેજબાની આપવાનો હતો. આ મોટા ટાંકણાંને માટે ગોસ્ત, શિકાર અને મેવો પુષ્કળ હતો, પણ દરિયો ઘણો તોફાની હતો તેથી માછલી ન હતી. તોપણ જે દહાડે મેજબાની થવાની હતી તે દહાડે સવારેજ મોટી ટરબટ નામની માછલી લઇને એક માછી કલ્લામાં આવ્યો. ઘરમાં મોટી ખુશાલી થઇ રહી, અને જે મોટા ઓરડામાં તે ઉમરાવ પોતાના પરોણાઓની વચ્ચે ઊભો હતો તે ઓરડામાં તે માછીને તે માછલી સાથે લઈ જવામાં આવ્યો. તે ઉમરાવ બોલ્યો, 'આ માછલી બહુ સારી છે, તમને ગમે તેટલી

કિંમત આ માછલીને માટે માગો, અને તે કિંમત તમોને રકઝક કરવા વગર તરતજ આપવામાં આવશે. તમે આ માછલીની કિંમત શું માગોછો'? તે માછીએ જવાબ દીધો, 'સાહેબ! એક દમડી પણ નહિ; હું પૈસા લેવાનો નહિ. મારી ઉઘાડી પીઠ ઉપર ચાબકાના સો ફટકા ખાવા એ મારી માછલીની કિંમત છે. તે ફટકામાંથી હું એક પણ ફટકો ઓછો લઈશ નહિ." આ સાંભળીને તે ઉમરાવ અને તેના પરોણા બહુજ અજાયબ થયા, પણ તે માછીને પૈસા લેવા માટે તેઓ સમજાવી શકયા નહિ. તેઓએ તેની સાથે તકરાર કરી, પણ ફોકટ ગઈ. આખરે તે ઉમરાવ બોલ્યો, 'વારૂ, વારૂ, આ માણસનો ફાંટો અજાયબી પમાડે એવોછે, પણ આપણને માછલી વિના ચાલતું નથી; તેથી આસ્તેથી ફટકા મારો, અને એની માછલીની કિંમત આપણી નજર આગળજ એને આપો." પચાસ ફટકા તે માછીને મારવામાં આવ્યા ત્યારપછી તે બોલ્યો, 'સબુર કરો, સબુર કરો; આ સાટું મેં કર્યુંછે તેમાં મારો એક ભાગીઓ છે, અને વાજબીની રાહે તેને પણ તેનો ભાગ મળવો જોઇએ.' તે ઉમરાવ બોલ્યો, 'તમારા જેવા મૂર્ખ આ દુનિયામાં બે છે કે શું? તે કયાં મળી આવશે? તેનું નામ કહો, અને તેને તરતજ બોલાવી મંગાવવામાં આવશે.' તે માછી બોલ્યો 'તમારે તેને શોધવા માટે દૂર જવું પડવાનું નથી. તમારા પોતાના દરવાજા ઉપર બેસનારો હમાલ તેજ મારો ભાગીઓ છે. મારી માછલીની જે કિંમત મને મળે તેનો અરધો ભાગ તેને આપવાને જ્યાંસુધી મેં કબૂલ કર્યું નહિ, ત્યાંસુધી તેણે મને અંદર આવવા દીધો નહિ.' તે ઉમરાવ બોલ્યો, અંહ! એમ છે શું! ત્યારે તો તેને તરતજ ઉપર લઈ આવો, આપણે પૂરતી વાજબી રીતે તેને તેનો અરધો ભાગ આપીશું.' તે ઉપરથી તે હમાલને ત્યાં લાવવામાં આવ્યો, અને તેને તેના સાટાનો અરધો ભાગ (પચાસ

ફટકા) આપવામાં આવ્યો. ત્યારપછી તેને તે ઉમરાવની નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો, અને તે માછીને ઘણું ઇનામ આપવામાં આવ્યું.

સાર—એક ઉમરાવના લગ્નની મેજબાનીની જે દિવસે હતી તેજ દિવસે સવારે એક માછી મોટી ટરબટ માછલી લઇને આવ્યો, જેની કિમ્મત પોતાની ઊઘાડી પીઠ ઉપર સો ફટકા ખાવા એવું તેણે જાહેર કર્યું. તેણે પચાસ ફટકા ખાધા પછી તે ઉમરાવના હમાલને બોલાવી મંગાવવા માટે કહ્યું, જે હમાલે જ્યાંસૂધી તેણે પોતાની માછલીની જે કિમ્મત મળે તેનો અરધો ભાગ આપવાનું કબૂલ કીધું નહિ ત્યાંસુધી તેને અંદર આવવા દીધો નહિ. તે હમાલને લાવીને તેના ભાગના પચાસ ફટકા મારવામાં આવ્યા, અને પછી તેને નોકરી ઉપરથી કાઢી મુકયો, અને તે માછીને ઇનામ આપ્યું.

THE DUN COW.

ભુરા રંગની ગાય અથવા બોલવું થોડું પણ બજાવવું ઘણું તે વિષે.

ઍાલ્ફ્રેડ પોતાની બહેન સાથે ખેતરમાં ફરતો હતો ત્યારે પોતાના હાથમાંની નેતર વડે પીળા ફુલના રોપાઓની ટોંચ ઝાપટતો હતો તે વેળા બોલ્યો. 'હા, **મેરિ**! મને હમણાં ફરસુદ છે, માટે તમો મારી સાથે તમને ગમે તે જગાએ ફરો, અને કંઇ પણ ધાસ્તી રાખતાં ના. જો આપણી ઉપર હમણાં એક ચોર, અથવા બે ચોર અથવા છ ચોર ધસારો કરે તો હું તેમને—(હરાવું.) એટલામાં **મેરિ** તરતજ બોલી ઉઠી; અરે! વહાલા ભાઈ! આ ખેતરમાંજ પેલી ભુરા રંગની મારકણી ગાય બેડુત રાખેછે, તે તમને કહેતાં હું ભૂલી ગઈ. તે

ગાય પેલી રહી ! તે ગાએ આપણને દીઠાંછે. જ્યારે છોકરાંઓને મારવા માટે તાકેલાં શીંગડાં અને ઊભી પૂછડી કરીને તે ગાય તેમની તરફ દોડી આવી, ત્યારે **ઑલ્ફ્રેડ** બોલ્યો, "દોડો, તમારો જીવ ઉગારવાનાં હોવો તો દોડો." વાડ ઓળંગવા માટેની સીડી જે થોડ દૂર હતી તે તરફ પહોંચવાની આશામાં બંને છોકરાં પોતાની બનતી ઝડપથી દોડયાં. બિચારી **મેરિ**! બોલી, "ભાઈ, ઊભા રહો ! અરે ! ભાઈ, ઊભા રહો! મારૂ બદીઆન કાંટાની ઝાડીમાં ભરાઈ ગયુંછે, તે તેમાંથી કાઢવામાં મને મદદ કરો! તેના ભાઇએ તો તેને કાંઇ જવાબ દીધો નહિ, પણ ગાયે તેણીને શીંગડા મારવાની ખુશાલીમાં બરાડ મારી, તેથી **ઑલ્ફ્રેડ** વધારે ઝડપથી દોડવા મંડયો, અને **મેરિ** એટલી ગભરાઈ ગઈ, કે તેણીએ ઘણુંજ જોર કરીને પોતાનું બદીઆન ઝાડીમાંથી ખેંચી કાઢયું, અને તેથી અરધો વાર બદીઆન ઉપર ટાંકેલી ઝાલર ઝાડી ઉપર રહી ગઈ. વાડ ઉપર ચઢવાની સીડી આગળ તે હાંફતી હાંફતી આવી પહોંચી, અને જરાવારમાં ઉપર ચઢી જઇને જે સલામત જગાએ પોતાનો ભાઇ હતો ત્યાં તેને જઈ મળી. તે છોકરાંઓને પોતાનાં શીંગડાં મારી ન શકાય એટલાં દૂર ગએલાં જોઇને તે મસ્તાની ગાયે ફરીથી નાઉમેદીથી બરાડ મારી. તે બરાડના અવાજથી ધાસ્તીથી પાછો હઠી જઇને **ઑલ્ફ્રેડ** બોલ્યો, 'તેની આ બરાડ મારવામાં શું મતલબ હશે? કારણ કે ચોર હાજર ન હતા તે વેળા તેઓની સામે થવાને તેનામાં ગમે તેટલી હિમ્મત હોય, તોપણ આ ગાયથી તે બહુજ બીધો હતો. **મેરિ** જેની ધાસ્તી મટી ગઈ હતી તે હશીને બોલી કે 'જોડી કાઢેલી વાતમાં રીંછે મુસાફરના કાનમાં જે વાત કહી તેનેજ મળતો અર્થ તેની બરાડનો થાયછે, એવું હું ધારૂંછું;' તે કાનમાં કહેલી વાત એ હતી કે 'હિમ્મત હોય તો કામ કરીને બતાવી આપવી પણ ફકત મોટા મોટા શબ્દ બોલાને

બતાવવી નહિ.' મુસાફર અને રીંછની વાત હું તમને કહુંછું. એક વેળા બે મુસાફર જેઓ મુસાફરી જતા હતા તેઓને જંગલમાંથી થઈને જવાનું હતું. તેઓમાંનો એક બોલ્યો, 'જંગલી જનાવરો આપણા ઉપર હૂમલો કરશે એવી ફીકર મને લાગેછે, કારણ કે તેઓનાં પગલાંની નિશાની મને જમીન ઉપર જણાયછે.' બીજો જેનું નામ ડફાંશીઓ હતું તે બોલ્યો, 'અરે! મારા મિત્ર, તરતબુદ્ધિયા! તમો કાંઈ પણ વાતની ધાસ્તી ના રાખો. જો આપણી ઉપર જંગલી હેવાન હૂમલો કરે તો આપણે બહાદુરીથી એક બીજાને મદદ કરીશું. હું જોરાવર અને બહાદુર છું; અને—(કોઈ પણ મારી સામે થઈ શકવાનું નહિ) જેવો પાસેની ઝાડીમાંથી ધીમેથી ધુરકવાનો પોકાર સંભળાયો કે તરતજ પહેલો (તરતબુદ્ધિયો) બોલ્યો, 'સાંભળો.' દફાંરિયો જે ચપળ અને ઝડપવાળો હતો તે ખીશકોલીની માફક ઝાડ ઉપર ચઢી ગયો, અને ભયની સામે થવાને પોતાના મિત્રને એકલો રહેવા દીધો. પણ તરતબુદ્ધિયાની ભયની વખતે રાખવાની શુદ્ધિ કાંઈ ગઈ ન હતી. તે રીંછની સામે લડી શકતો ન હતો, તેમજ તેનાથી દોડી જવાતું પણ ન હતું; તેથી તે જમીન ઉપર ચત્તોપાટ સૂઈ ગયો, અને મરી ગયો હોય એવો દેખાવાને તેણે પોતાનો શ્વાસ અટકાવી રાખ્યો. ઝાડીમાંથી મોટો રીંછ બહાર ધસી આવ્યો, અને તરતજ બિચારા તરતબુદ્ધિયાની તરફ દોડી આવ્યો, તે વખતે દફાંરિયો પોતે રીંછ પહોંચી ન શકે એટલે દૂર હતો, તેથી ખુશી થઈને ઝાડ ઉપર તે બેઠો હતો ત્યાંથી ધ્રુજતો ધ્રુજતો નીચે જોવા લાગ્યો. જ્યારે રીંછે તેની ચોમેર આવીને તેને સુંઘ્યો, અને એટલો નજદીક આવ્યો, કે જ્યારે તેનું નાક અને મ્હો તેના કાનની નજદીક એટલું આવ્યું કે તેનો ગરમ શ્વાસ પણ તરતબુદ્ધિયાને લાગતો હતો, તે વેળા તેની લાગણી કેવી હશે, તેનો કોઈ પણ વિચાર કરી

શકે. પણ તરતબુદ્ધિયો જરા ખસ્યો કે ચોંકયો પણ નહિ; અને રીંછ તેને મરેલો ધારીને ઝાડીમાં પાછો નાશી ગયો, અને તેને જરા પણ ઈજા કરી નહિ. દફાંશિયાએ જોયું કે હવે ભય દૂર થયુંછે, ત્યારે તે ઝાડ ઉપરથી નીચે ઉતરી આવ્યો. પોતાની બીચકારી ચાલથી જરા શરમાઈને તેણે તે વાત મશ્કેરીમાં કાઢી નાખવાની કોશિશ કરી. તેણે કહ્યું, 'મારા મિત્ર, તરતબુદ્ધિયા! જ્યારે રીંછ તમારા કાન પાસે મ્હો લાવ્યો ત્યારે તમને હળવેથી શું વાત કહી'? તરતબુદ્ધિયાએ જવાબ આપ્યો કે તેણે મને એવું કહ્યું કે 'હિમ્મત હોય તો કામ કરીને દેખાડવી, મોટી દફાંશ મારીને હિમ્મત દેખાડવી નહિ, અને તમારા જેવા દફાંશિયા ઉપર ફરીથી કદી ભરૂસો રાખવો નહિ.'

સાર—આલ્ફ્રેડે મેરિને કહ્યું કે તમે મારી સાથે ગમે ત્યાં ફરો, અને કાંઈ પણ ફિકર કરો ના. જ્યારે તેઓ ખેતર ઓળંગી જતાં હતાં ત્યારે તેઓ ઉપર એક ભુરી ગાયે હુમલો કીધો. **આલ્ફ્રેડ** ઝડપથી દોડી ગયો, અને **મેરિને** પોતાનો બચાવ કરવાને એકલી મૂકી ગયો, તેથી તેણે સાબેત કરી આપ્યું કે હિમ્મત કામ કરીને દેખાડવી અને દફાંશ મારીને બતાવવી નહિ.

THE LOST THIMBLE.

ખોવાયલી અંગુઠી અથવા દરેક ચીજ તેની બરાબર જગાએ મૂકવાની જરૂર વિષે.

મેરિ—સાહેરા, તમો મને તમારી અંગુઠી વાપરવા આપો એવું હું ઈચ્છુંછું; જ્યારે મારી અંગુઠીનું મને કામ પડેછે ત્યારે મને તે કદી પણ મળતી નથી.

સાહરા—તમને તે હું મોટી ખુશીથી વાપરવા આપુંછું; પણ જ્યારે તમે તમારી કોઈ પણ ચીજ ગુમાવોછો ત્યારે મારી પાસેજ તે હંમેશાં તમો શા માટે લેવા આવોછો? તેનું કારણ તમો મને કહેશો એવું હું ઇચ્છુંછું.

મેરિ—તેનું કારણ એકે તમો તમારી ચીજ કદી પણ ખોઈ નાખતાં નથી. તમારી ચીજો કયાંથી મળી આવશે તે તમો હંમેશાં જાણોછો.

સાહરા—અને મારી ચીજો કયાંથી મળી આવશે તે હું હંમેશાં કેમ જાણુંછું તે વિષે તમો શું ધારોછો?

મેરિ—તે હું કેમ જાણું. જો હું તે જાણતી હોવું તો કોઈ વેળા મારી પોતાની ચીજો શોધી કાઢવાને યુક્તિ કરી રાકું.

સાહરા—તમો જો મારો ભેદ જાણવા માંગતાં હોવો તો હું તમને તે કહું. મેં દરેક ચીજ મુકવા માટેની જગા કરી રાખીછે; અને એક ચીજ વાપરી રહ્યા પછી હું હંમેશાં તે ચીજને તેની જગાએ બરાબર મૂકી દઉંછું, અને કોઈ તેને ફેંકી દે અને ગુમાવી નાખે એવી રીતે તેને રખડતી નાખતી નથી.

મેરિ—મારી ચીજો બરાબર જગાએ ગોઠવવાને મને વખત મળવાનોજ નથી. અને જેવી એક ચીજ વપરાઈ રહી કે દોડીને તેની જગાએ તેને મૂકવા જવું, જાણે કે તેમ કરવા ઉપરજ કોઈની જીંદગીનો આધાર હોય, એવું કરવાની કોણને ગરજ પડીછે?

સાહરા—તમારી જીંદગીનો આધાર તે કામ ઉપર નથી એ વાત ખરી છે; પણ તમારી સગવડનો આધાર તો તે કામ ઉપર છે એવું તમો ના પાડી શકશો નહિ. વારૂ હું તમોને પુછુંછું કે કોઈપણ ચીજ ખોવાઈ જાય ત્યારે તેને માટે શોધાશોધ કરવી, અથવા

તમારા મિત્ર કનેથી તે વાપરવા લેવા જવું, તેમાં જેટલો વખત જાય તેનાં કરતાં કેટલો વધારે વખત તે ચીજ તેની બરાબર જગાએ મૂકવામાં જશે?

મેરિ—તમારે ખાતરી રાખવી, **સાહરા**! કે હવે હું તમારી પાસે કંઈ માંગવા આવીશ જ નહિ.

સાહરા—કેમ મેરિ, ગુસ્સે થઈ ગયાં કે?

મેરિ—ના, હું ગુસ્સે તો થઈ નથી, પણ મને શરમ લાગેછે; અને તમારી માફક દરેક ચીજને માટે જગા કરવી, અને દરેક ચીજને તેની જગાએ બરાબર મૂકવી એવો મેં નિશ્ચય કર્યોછે.

છોકરા અને છોડીઓ! 'દરેક ચીજને માટે, ચોકસ જગા કરવી, અને દરેક ચીજને બરાબર જગાએ મૂકવી' એ કાયદો તમો યાદ રાખજો.

સાર—જ્યારે **મેરિ** કોઈ પણ ચીજ ગુમાવતી, ત્યારે તે હંમેશાં તે ચીજ વાપરવા લેવા માટે **સાહરા** પાસે આવતી. તેણી કહેતી કે **સાહરા** પોતાની ચીજ કદી ગુમાવતી ન હતી. **સાહરાએ** કહ્યું કે હું મારી ચીજો ગુમાવતી નથી તેનું કારણ એછે કે મેં દરેક ચીજ મૂકવા માટે એક જગા કરી રાખીછે, અને હું દરેક ચીજ બરાબર જગાએ મૂકુંછું.

ELEPHANT STORIES.

હાથીની વાર્તા.

લંકાના બેટમાં જંગલી હાથીનાં મોટાં ટોળાં હોયછે. તેમાંના ઘણા હાથીઓને પકડવામાં અને પાળવામાં આવ્યાછે; અને પુલ, ઘર અને

દેવળો બાંધવામાં તેમને કામે લગાડવામાં આવ્યાછે. જે પ્રમાણે માણસો પોતાના કામની સફાઇને માટે કાળજી રાખેછે, તે પ્રમાણે કેટલાક હાથીઓ પણ કાળજી રાખેછે એવું મુસાફરો આપણને કહેછે. પોતે લાવેલી પથ્થરની લાદી તેણે બરાબર મૂકીછે કે નહિ તે જોવાને એક હાથી કેટલાંક પગલાં પાછો હઠતો જણાયલોછે; અને ત્યારપછી તે લાદી જે રીતે મૂકેલી હતી તેથી સંતોષ ન પામ્યો હોય એવો દેખાઇને તે પાછો ગયો, અને તેની બરાબર જગાએ તેને હડશેલી. કેટલાંક વર્ષની વાત ઉપર લંકાના બેટમાં એક ઇજનેરને ટેકરીઓ ઉપર અને ખીણોમાં જ્યાં રસ્તા સારા ન હતા ત્યાંથી થઇને લગભગ બે માઇલ સૂધી પાણીના નળ મુકવાના હતા. પોતાના કામમાં મદદ કરવાને તેને કેટલાક હાથી કામે લગાડવા પડયા; અને જે રીતે હાથીઓએ પોતાનું કામ બજાવ્યું તે રીત જોવી ઘણીજ મનોરંજક હતી. ભારી નળમાંનો એક નળ ઉપાડીને અને તેને પોતાની સુંઢમાં સમતોલ ભાર આવે એવી રીતે પકડીને દરેક હાથી પોતાના બોજા સહિત ચાલતો, અને દરેક અડચણ મટાડીને જે જગાએ તે નળ મૂકવાનો હતો તે જગાએ સલામત રીતે લઈ જતો. જ્યારે તે હાથી તે જગાએ પહોંચતો ત્યારે તે ઘૂટણ મરડીને બેસતો, અને જે જગાએ તેનો હાંકનાર તે નળ મૂકવાની મરજી દેખાડે ત્યાંજ બરાબર તે મૂકતો. એક વેળા એક હાથીને જે નળ તે લાવ્યો હતો તે નળ બીજા નળમાં લાગુ કરવાને મુશ્કેલી પડી, ત્યારે તે નળને બીજે છેડે ગયો, અને પોતાનું માથું તે છેડા ઉપર મૂકીને આંચકો મારીને તે નળને તેની બરાબર જગાએ જલદીથી હડશેલી દીધો.

કેટલાંક વર્ષની વાત ઉપર બાથ શહેરમાં જંગલી જનાવરોના સંગ્રહસ્થાનમાં એક મોટો માયાળુ સ્વભાવનો હાથી હતો. જે ટોળું તેને જોવા માટે આવ્યું તે ટોળામાં એક ભઠિયારો પણ હતો. હાથીને પુરી આંપવાનું ડોળ ઘાલીને અને પછી પોતાનો હાથ ખેંચી લઇને તેને પજવવામાં તેણે ઘણી હુશિયારીનું કામ ધાર્યું. થોડા વખત સૂધી તો તે હાથીએ આ પજવવું ઘણા સારા સ્વભાવથી ખમ્યું, પણ પછી તે ગુસ્સે ભરાયો. પોતાની સુંઢ પાંજરાંમાંથી બહાર કાઢીને તેણે તે ભઠિયારાને કમ્મરમાંથી પકડ્યો, અને તેને ગાડાના મથાળા સૂધી ઊંચકીને તેનું માથું તે મથાળા સાથે જોરથી અફાળ્યું. દરેક જણે ધાર્યું કે તે હાથીને હાથે ભઠિયારો મરી જવાનો; પણ એકાએક તે હાથીએ પોતાની સુંઢ ઢીલી કીધી, અને લોકોની ઠઠ વચ્ચે તેને મથાળા ઉપરથી જમીન ઉપર નાખી દીધો. ત્યાં તે બેભાન હોય તેમ એક બે પળ સૂધી પડી રહ્યો, પણ જ્યારે લોકો તેની આગળ આવ્યાં ત્યારે તે ઉઠયો, અને જાણે કાંઈ પણ બન્યું ન હોય તેમ ચાલી ગયો. તેને ઘણી ધાસ્તી લાગી હતી, પણ તેને ઇજા થઈ ન હતી; પણ તેણે ફરીથી હાથીના ચાળા પાડવાની કોશિશ કદી કરી નહિ એ વિષે તમારે ખાતરી રાખવી.

સાર—હાથીની મનોરંજક વાર્તા વારંવાર કહેવામાં આવીછે. લંકાના ટાપુમાં પાણીના નળ મૂકવા માટે એક ઇજનેરે કેટલાક હાથી કામે લગાડયા. એક વેળા એક સંગ્રહસ્થાનમાં એક માણસે એક હાથીને એટલો પજવ્યો, કે તે હાથીએ પોતાની સુંઢમાં તેને પકડયો, તેનું માથું ગાડાના મથાળા સાથે જોરથી અફાળ્યું, અને પછી તેને જમીન ઉપર નાખી દીધો. તેને ઘણી ઈજા થઈ ન હતી.

DREAMING SUSY.

મનમાં ખોટા વિચાર ઉઠાવનારી ઝુઝિ.

ઝુઝિએ વિચાર્યું કે જો હું મહેલમાં રહેતી હતે, અને મારી ધર્મમા તરીકે એક પરી હતે તો કેવી મજાહ પડતે. અગાઉના વખતમાં એક શાહજાદી હતી, તેની ખાટકી સાવકી માએ એક ઓરડામાં પીછાંનો મોટો ઢગલો હતો તેમાં તેને કેદ કરી. તે માયે કહ્યું, 'જુદી જુદી સો જાતનાં પક્ષીનાં આ પીછાં છે, અને રાત પડે તેની અગાઉ તમોએ તેઓને જુદાં પાડવાં, અને દરેક જાતનો જુદો ઢગલો કરી આપવો જોઇશે, નહિ તો તમને મારી નાખવામાં આવશે.' એવું સાંભળીને તે બિચારી શાહજાદી બહુજ રડી. જો બોલ્યો, "ઝુઝિ, અરે! ઝુઝિ, તમો હવામાં કિલ્લા બાંધવા માંડયાછે; તમો તમારો પાઠ તો કરતાં નથી." ઝુઝિ બોલી, 'અરે પાઠ તો હું એક પળમાં કરી નાખીશ; અને તેણીએ પોતાની વાત આગળ ચલાવી. તેથી જ્યાંસૂધી તે શાહજાદીની પરી ધર્મ મા આવી, અને પોતાની જાદુઇ લાકડી ત્રણવાર હલાવી, અને દરેક નાનું આસમાની રંગનું પીછું અને દરેક નાનું લાલ રંગનું પીછું જુદા જુદા ઢગલામાં ઉડીને તરતજ ગયું, ત્યાસૂધી તે બિચારી શાહજાદી રડયાજ કીધી. ઝુઝિએ પોતાનો વિચાર જણાવ્યો કે હવે હું એવું ઇચ્છુંછું કે કોઈ પરી મારી પાસે આવે, અને આ પાઠ ઉપર પોતાની જાદુઈ લાકડી ફેરવે, અને જે ઠેકાણે દરેક આંકડો આવવો જોઇએ ત્યાં તે આંકડો જાદુથી જઇ પડે, અને મારા મનમાં તે વિષેની બધી સમજ જાદુથી ઉતરી જાય, તો કેવી મજાહ પડે! પછી જ્યારે હું પાઠ બોલી રહું ત્યારે શિક્ષક કહે કે 'ઝુઝન બાઈ! આજ તમે બહુ સારી રીતે

પાઠ લીધોછે, માટે વર્ગમાં પહેલાં જઇ બેશો.' અને—એટલાંમાં તો નિશાળે જવાનો ઘંટ વાગ્યો, તે સાંભળીને ઝુઝિ ઝડપથી ઉઠીને બોલી, 'અરે! આ શું નિશાળે જવા માટેનો ઘંટ વાગ્યો કે'? જો બોલ્યો, 'હા, ખચીત તે નિશાળે જવાનોજ ઘંટ વાગ્યોછે, અને લગભગ પોણો કલાક થયો તમો હવામાં કિલ્લા બાંધવામાં રોકાયાંછો. દશ પળ થઇ મેં તમારી અંકગણીત લઇ લીધીછે, તેનું પણ તમને ભાન નથી.' આંસુ ટપકતી આંખ સાથે (રડતી) અને લાલ થઇ ગએલા ગાલ સાથે ઝુઝિ ઉઠી અને અંકગણીત લેવા માટે પોતાનો હાથ લાંબો કર્યો. નિશાળે જતાં આખે રસ્તે પોતાના માયાળુ ભાઇની મદદથી તેણીએ પોતાનો પાઠ વાંચ્યો. પણ તે મહેનત ફોકટમાં ગઈ; તે પાઠ કરવા માટે જેટલો વખત જોઇએ તેના કરતાં તે વખત ટુંકો હતો; અને જ્યારે તેણી પોતાનો પાઠ મોઢે બોલી રહી, ત્યારે શિક્ષક તરફથી વખાણના શબ્દ સાંભળવાને બદલે તેણીએ શિક્ષકને ઘણા ગુસ્સે થઇ ગએલા જોયા; અને તેવણે તેણીને વર્ગને છેડે જઇને બેશવા કહ્યું. પણ આ સઘળા અટકાવથી ઝુઝિ ઉપર જરા પણ અસર થએલી માલુમ પડી નહિ. તેજ દહાડે રાત્રે તેણીનાં માતાજીએ તેણીને જે કપડું સીવવા આપ્યું હતું, તે જ્યારે હાથમાં લઇને બેઠી હતી ત્યારે તેણીના આંગળાંમાંથી સોય સરી પડી, અને ફરીથી તેણી ખાલી જગા તરફ જોવા અને ખોટા વિચાર કરવા લાગી. જો બોલ્યો, 'ઝુઝિ! હમણાં શી બાબદનો વિચાર કરોછો'? વારૂ, ભાઈ, જો આપણને ત્રણ જોડ હાથ હતે તો એક જોડથી દોરાટવાનું કામ, બીજી જોડથી ઓટવાનું કામ, અને ત્રીજી જોડથી બખીઓ દેવાનું કામ થઈ જતે, અને આખું કામ સપાટાબંધ પૂરૂં થઇ જતે, એ વિષે હું હમણાં વિચાર કરૂંછું. જો વચ્ચે બોલી ઉઠયો કે, "આવી વાત તો મેં આજજ સાંભળી. મને તો લાગેછે કે હાથની

વધારે જોડ વિષે માથાફોડ કરવા અગાઉ જે એક જોડ હાથ આ-
પણને પરમેશ્વરે આપેલાછે, તેનો બરાબર ઉપયોગ કરવા માટે પહેલાં
આપણે શીખવું જોઇએ. હવે હું ધારૂંછું કે હું પણ તમારી માફક
થોડાવાર ખોટા વિચાર કરૂં. એવું ધારો કે જ્યારે બાળક જન્મે,
ત્યારે તેને હાથના પહોંચા તદનજ હોય નહિ, પણ માત્ર હાથનાં
ઠુંઠાંજ હોય, અને જે વખતે તે બાળક કાંઇ મહાભારત અથવા
લોકોને ફાયદા ભરેલું કામ કરે, ત્યારેજ એક આંગળું તે કામને
માટેના બદલા તરીકે ઉગી નીકળે. મારો એવો વિચાર છે કે જો
કોઇ માણસને કદી દશ આંગળાં પૂરે પૂરાં ઉગી નીકળે, તો તેથી
તે પરમેશ્વરનો બહુ આભારી થયાવિના રહે નહિ. હું અચરત માત્ર
એટલા માટે થાઉંછું કે અત્યાર અગાઉમાં તમોને કેટલાં આંગળાં
ઉગી નીકળ્યાં હતે. હું જાણુંછું કે તમોને બસો ત્રણસો આંગળાં
ઉગી નીકળ્યાં હતે, એવો તમે ખોટો વિચાર કરશો; પણ જો અંગુ-
ઠાની આગળની આંગળીનો પહેલો વેઢો પણ તમોને ઉગી નીકળ્યો ન
હતે, તો તે જોવાથી હું જરાપણ અજાયબ થતે નહિ." ઝુઝિ લાલચોળ
થઇ ગઇ; અને શરમને લીધે પોતાનો હોઠ કરડયો, પણ તેણી
કંઇપણ બોલી શકી નહિ. ખોટા વિચાર કરવાની માઠી ટેવ તેણીએ
લાંબો વખત સૂધી છોડી નહિ; પણ આખરે તેણીએ તે ટેવ છોડી;
અને પક્ષીનાં પીછાં જુદાં પાડવાને અથવા હિશાબ ગણવાને અને અ-
ભ્યાસ પાઠ લખવાને માટે ઉત્તમ પરીઓ ધિરજ અને ઉદ્યોગ છે, અને
જો કોઇ છોકરા અથવા છોકરીને તે પરીઓની ખરેખર મદદ જો-
ઇતી હોય તો તેને મદદ કરવાને તેઓ હંમેશાં તૈયાર હોયછે, એવું
જાણીને તે પોતાનું કામ ઉમંગથી કરવા મંડી જતી.

સાર—પોતાના પાઠ તૈયાર કરવામાં કોઇ પરી ઝુઝીને મદદ
કરે એવું તેણીએ ઇચ્છયું; વળી તેણીએ ઇચ્છા કરી કે મારૂં કામ કરવા

માટે મને ત્રણ જોડ હાથ હોય તો કેવું સારૂં. તેણીએ ખોટા વિચાર કરવાની માઠી ટેવ છોડી દીધી, ત્યાર પછી તેણીને માલૂમ પડયું કે કોઈ પણ કામ કરવામાં ઉદ્યોગ અને ધિરજ સર્વથી સરસ પરીઓ છે.

THE OSTRICH.

શાહામૃગ વિષે.

ગણગણકરતું પક્ષી સર્વથી નાનું અને શાહામૃગ સર્વથી મોટું પક્ષી છે. મધમાખી જેવડાં પણ ગણગણકરતાં પક્ષીઓ હોયછે, અને શાહામૃગ ઘણીવાર દશ ફીટ ઊંચું હોયછે. આફ્રિકા અને અરબસ્તાનના રેતાળ રણમાં શાહામૃગ વસેછે. તેની ગરદન અને તેના શરીરના આકાર ઉપરથી આરબો તેને ઊંટપક્ષી કહેછે. ઊંટની માફક તે રણમાં રહેછે, અને પાણી પીધા વગર લાંબો વખત સુધી જીવી શકેછે. શાહામૃગને પાંખો છે, તોપણ તે પાંખોવડે તેનાથી ઉડાતું નથી, એવડી તે પાંખ નાની છે; પણ દોડતી વેળા તે પાંખોને હલેસાંની માફક તે કામે લગાડેછે. તે પાંખોને પહોળી કરીને અને તેમને હવામાં ફફડાવીને તે બહુ ઝડપથી દોડી જાયછે. સર્વથી તેજી ચાલનો ઘોડો પણ તેની બરાબર દોડી શકતો નથી. જે પ્રમાણે ખ્રિસ્તિ ધર્મ પુસ્તકમાં લખેલુંછે તે પ્રમાણે તે પોતાના શરીરને ઉંચકેછે અને દોડેછે, અને ઘોડાની અને સ્વારની તે દરકાર રાખતી નથી. રેતીમાં કરેલું એક બાકોરૂં તેજ માત્ર શાહામૃગનો માળો છે; અને આ માળામાં માદા પક્ષી દશ અથવા બાર મોટાં ઈંડાં મૂકેછે. માત્ર જ્યારે બપોરે ઘણોજ તાપ પડેછે, ત્યારે પોતાનાં ઈંડાં ઉપરથી ઉઠી જઇને, અને હંમેશાં આખી રાત્ર તે ઈંડાં ઉપર બેશી રહીને તે પોતાના માળાની ઘણીજ જાળવણી કરેછે. ઈંડાં-

ઓને ખોરાકની જણસ તરીકે વાપરવાને તરેહવાર રીતે પકાવવામાં આવેછે, અને કેટલાક લોકોને તેનાં ઈંડાં બહુ ભાવેછે. ઈંડાંનાં કોટ-ચાંમાંથી પ્યાલાં અને ઘર સણગારનો સામાન બનેછે. ઘોડે બેશીને શાહામૃગનો શિકાર વારંવાર કરવામાં આવેછે. પણ તે એટલું ઝડપથી દોડી જાયછે કે શિકારીઓ જો ન જાણે કે તે સીધું કદી દોડતું નથી, પણ આડુંઅવળું દોડેછે, તો તેઓ તેને પકડવામાં કદી પાર પડે નહિ. એ વાત તેઓ જાણેછે તેથી તેઓ તેને આડુંઅવળું દોડવા અને ગોળચક્કર ફરવા દેછે, અને પોતે સીધા આગળજ ઘોડા દોડાવેછે, તેથી તેની પાછળ બરાબર રહી શકેછે. જ્યાંસુધી તે ગરીબ પક્ષી થાકી જાય ત્યાંસુધી કોઈ વેળા બે ત્રણ દહાડા સુધી તેની પાછળ લાગવામાં આવેછે; કારણ કે તે ઝડપવાળું છે તોપણ ઘોડાના જેટલું તે જોરાવર નથી. જ્યારે પકડાવાની તૈયારીમાં હોયછે, ત્યારે તે શિકારીઓ તરફ ફરી જાયછે, અને જ્યાંસુધી તેને ફટકા મારીને જમીન ઉપર તોડી પાડવામાં આવતું નથી, ત્યાંસુધી તે તેઓની ઉપર ઘણા જુસ્સાથી હુમલો કરેછે. શાહામૃગનો શિકાર કરવાને જે રીત જંગલી હબશીઓ કામે લગાડેછે તે રીતનું મૉફ્રેટ સાહેબ નીચે પ્રમાણે વર્ણન કરેછે. આ પક્ષીઓમાંના એક પક્ષીનું પીછાંવાળું ચામડું એક દેશી પોતાના શરીર ઉપર ઓઢેછે; અને આવો ખોટો વેષ ધારણ કરીને તે શાહામૃગનાં ટોળાં તરફ જાયછે. પોતાનાં પીછાં ફફડાવીને અને જમીન ઉપર ચાંચ મારીને તે ખરાં પક્ષીની નકલ કરેછે. જેટલે તફાવતથી તે તીર મારી શકે તેટલે તફાવતે તે આવેછે, ત્યાંસુધી તે ખુદ ખુદ ચાલે ચાલેછે. પછી તે ટોળાંમાંના એક શાહામૃગને ઝેરી તીર મારેછે, અને ઘણુંકરીને તે શિકાર મેળવવાની નેમમાં પાર પડેછે. એક મુસાફર કહેછે કે મેં એક વેળા એક શાહામૃગનાં બચ્ચાંને એટલું હળી ગએલું જોયું કે, તે બચ્ચું એક નાના હબશી છોકરાને પોતાની પીઠ ઉપર

બેશવા દેતું હતું. જેવો તે છોકરાનો ભાર તેને લાગે કે તરતજ તે દોડી જતું. પહેલાં તે ઝડપથી ખુદ ખુદ ચાલતું, અને પછી પોતાની પાંખો પહોળી કરીને તે જેટલી ઝડપથી શરતનો ઘોડો દોડેછે તેટલી ઝડપથી આખા ગામમાં દોડતું. શાહામૃગની પાંખ અને પૂછડીનાં સફેદ સુંદર પીછાંને માટે તે કિમતી ગણાયછે. નાના વાંચનારને કદાચ માલૂમ નહશે, કે **પ્રિન્સ ઑાવ વેલ્સનું** તાજ 'હું સેવા બજાઉંછું' એવા મુદ્રાલેખ સાથનાં શાહમૃગનાં ત્રણ પીછાંનું બનેલુંછે. આ વાતનું મૂળ કારણ નીચે પ્રમાણે કહેવાયલું છે:—બોહીમિઆનો રાજા જે ક્રૅસિની લડાઇમાં ઈ૦ સ૦ ૧૩૪૬ માં માર્યો ગયો, તેણે આ તાજ અને મુદ્રાલેખ પહેર્યો હતો. તેને જીતનાર **ઍડવર્ડ પ્રિન્સ આવ વેલ્સ** જે પોતાના બખ્તરના રંગ ઉપરથી કાલો શાહજાદો કહેવાતો હતો, તેણે આ તાજ ધારણ કીધું; અને ત્યારથી તે અત્યાર સૂધી ઇંગલાન્ડના પાટવી કુંવરો તે તાજ પહેરેછે.

સાર—દુનિયામાં સર્વથી મોટું પક્ષી શાહામૃગ છે. તે વારંવાર દશ ફીટ ઊંચું થાયછે. તે આફ્રિકા અને અરબસ્તાનમાં મળી આવેછે. શાહામૃગને પાંખો છે તોપણ તે વડે તેનાથી ઉડાતું નથી. શાહામૃગનાં પીછાં ઘણાં કિમતી છે.

THOUGHTLESS CRUELTY.

અનજાણપણામાં કરેલાં ઘાટકીપણાં વિષે.

કાકા—જે છોકરાઓ પક્ષીઓને પથરા મારતા હતા, તેઓની સાથે જીઑર્જ આજે તમને જોઇને હું દલગીર થયો. તે ઘાટકી રમત હતી.

જ્યૉર્જ—કેમ? કાકા! સઘળા છોકરા તો પક્ષીને પથરા મારેછે. પક્ષીને પથરા મારવામાં ખોટું શું છે, વારૂ?

કાકા—જો તમો એક નાનું વહાણ બનાવો, અને તેમાં દોરડાં વગેરે સામાન ભરો, અને એક છોકરો માત્ર તેને ભાંગી નાખવાની મજાહ મેળવવા માટે આવે, અને લાકડી અથવા પથરો મારીને તેના ટુકડે ટુકડા કરી નાખે, તો તે જોવું તમને ગમશે? ના, તમોને તે ન ગમશે. તમે ઘણા ગુસ્સે થશો. નહિ વારૂ?

જ્યૉર્જ—હું ગુસ્સે થઇશ એમ પુછોછો? હા, ખરેખર ગુસ્સે થઇશ; કોઈ પણ છોકરાને મારી બનાવેલી ચીજનો એવો ઉપયોગ કરવાનો હક્ક નથી.

કાકા—તમે જે કહ્યું તે ખરૂં છે. ઠીક, ત્યારે નાનાં પક્ષીઓને મારી નાખવાનો તમોને શો હક્ક છે? પક્ષી તે પરમેશ્વરનું બનાવેલું પ્રાણી છે; અને પોતે બનાવેલાં પ્રાણીથી તે રાજી થાયછે. અવાજ કરતાં સર્વથી સુંદર વાજીંત્રોમાંનું એક વાજીંત્ર પક્ષીના ગળામાં છે તે તમો જાણોછો?

જ્યૉર્જ—પક્ષીના ગળામાં વાજીંત્ર છે? એવું કદી પણ કોઇએ સાંભળ્યું હોય?

કાકા—હા, પક્ષીના ગળામાં નાની, સુંદર, નરમ વાંસળી છે જેમાંથી પિઆનો નામના વાજીંત્રના જેટલા રાગ નીકળી શકેછે.

જ્યૉર્જ—પક્ષીના ગળામાં વાંસળી છે? આતો ઘણો રમુજી વિચાર છે.

કાકા—જે નાની નળી મારફતે પક્ષી પોતાના રાગ કાઢેછે, તે નળી માણસથી બનાવેલી કોઇ પણ વાંસળી કરતાં ઘણી અજાયબ

જેવી રીતે બનાવેલીછે; તે ઘણી નાની છે તોપણ તે ઘણી સંપુર્ણ છે. તે નળી તેના ગળામાં એવી તો સહેલાઇથી લાગુ કરેલીછે, કે તેને ખોરાક ખાવામાં અથવા દમ લેવામાં કાંઇ હરકત કદી પણ પડતી નથી; અને તે એટલી તો વળી શકે એવી છે કે જે તરફ પક્ષી પોતાની ગરદન અથવા માથું ફેરવેછે તે તરફ તે વળેછે.

જ્યૉર્જ—ઠીક, આ તો ઘણું અજાયબ જેવું છે. લાગત એક મહિનાસુધી એક પક્ષીનું ગાયન મેં સાંભળ્યું હતે, તોપણ આ નળીને લગતી બાબદનો વિચાર મારા મનમાં કદી પણ આવતે નહિ.

કાકા—વળી જાણે પરમેશ્વરે પક્ષીનાં હાડકાં અને સાંધા બનાવવામાં ઘણો વિચાર કર્યો હોય, એવી રીતે ઘણી સંભાળથી તે હાડકાં અને સાંધા બનાવ્યાછે. પક્ષીનાં શરીરમાં વળી ઘંટી પણ છે.

જ્યૉર્જ—પક્ષીનાં શરીરમાં ઘંટી છે?

કાકા—હા, એક નાની હોજરી છે જે તેઓની ઘંટી છે, જે ઘંટીમાં જે બીયાં તેઓ ખાયછે તે દળાયછે, અને તેનું લોહી થઇ જાયછે. તેઓને જ્ઞાનતંતુઓ પણ છે.

જ્યૉર્જ—જ્ઞાનતંતુઓ તે શું હશે?

કાકા—જેવડે આપણને કાંઇ લાગણી થાયછે તે જ્ઞાનતંતુઓ છે. તમારા મોઢાંનાં જ્ઞાનતંતુઓથી તમને કોઇપણ ચીજનો સ્વાદ લાગેછે; તમારા કાનનાં જ્ઞાનતંતુઓથી તમને સંભળાયછે; તમારા નાકનાં જ્ઞાનતંતુઓથી તમને વાસ આવેછે, તમારી આંખનાં જ્ઞાનતંતુઓથી તમે જુઓછો, અને જે જ્ઞાનતંતુઓ તમારા આખા શરીર ઉપર છે તેવડે તમોને સ્પર્શની લાગણી થાયછે. જેવી રીતે તમોને જ્ઞાનતંતુઓ પરમેશ્વરે આપેલાંછે તેવીજ રીતે પક્ષીઓને પણ

તે આપેલાંછે. અને વળી તેઓનાં શરીરના સઘળા ભાગમાં માંસરજ્જુઓ છે, જે માંસરજ્જુઓ લાંબા થતા, ખેંચાતા અને તણાતા રહીને હંમેશાં વપરાયછે, અને તોપણ ઘસાઈ જતા નથી, અથવા જરા પણ બગડી જતા નથી.

જ્યૉર્જ—લુસિનાં નાનાં પક્ષી જેકિ અને પૅટ તેમને માટે પરમેશ્વરે શું શું કર્યુંછે તે જાણતાં નથી, એવું હું ધારૂંછું.

કાકા—પરમેશ્વર પોતાનાં નાનાં પક્ષીઓને ચાહાતો નથી, એવું શું તમો ધારોછો? અને જંગલો અને ખેતરો જ્યાં હજારો સુખી પક્ષીઓ આસપાસ કૂદેછે; અને ગરમ તડકાની વખતે અને શાંત છાંયડામાં પોતાનાં ગીત ગાયછે, તેમને ત્યાં જઈને જે છોકરા મારી નાખવામાં મજાહ મેળવેછે, તેઓ વિષે પરમેશ્વર જે વિચાર કરેછે તે વિષે તમારૂં શું મત છે?

જ્યૉર્જ—પરમેશ્વર પક્ષીઓ માટે આટલી કાળજી રાખેછે તે મેં આજજ જાણ્યું.

કાકા—મારી ખાતરી છે કે છોકરા વારંવાર ક્રૂર કામ કરેછે, પણ તે કામ ક્રૂરછે એવું તેઓ જાણતા નથી, માટેજ તે કામ કરેછે. તેટલા માટે તમો યાદ રાખજો કે પરમેશ્વરે જેમ તમને પેદા કર્યાછે, તેમજ પક્ષીઓને પણ પેદા કર્યાછે; અને તે જેટલી તમારે માટે કાળજી રાખેછે તેટલીજ કાળજી પક્ષીઓને માટે પણ રાખેછે.

સાર—પક્ષીઓને પથરા મારવા એ રમત ઘાટકી છે. કોઈપણ સુંદર ચીજ તમોએ બનાવી હોય તેને કોઇ પથર મારે, તો તમો ગુસ્સે થશો. પરમેશ્વરે પક્ષી બનાવ્યાં. તેણે તેમને અજાયબી પમાડે એવાં વાજીંત્ર આપ્યાં, જે વડે તેઓ મધુર ગીત ગાયછે; અને

તેઓનાં શરીર બનાવવામાં તેણે ઘણી ચતુરાઈ અને મનશક્તિ વાપુરીછે એવું દેખાયછે. આપણે યાદ રાખવું જોઇએ, કે પરમેશ્વર જેટલી કાલજી આપણે માટે રાખેછે તેટલીજ કાલજી તે પક્ષીઓને માટે પણ રાખેછે. આપણે સઘળાં તેનાં પેદા કરેલાં પ્રાણી છીએ.

THE BLIND BOY.

આંધળા છોકરા વિષે.

૧ રોશની જે હું કદી પણ ભોગવી શકીશ નહિ, તે શું ચીજ છે, તે વાત અરે! મને કહો! એક ગરીબ આંધળા છોકરાને કહો કે નજરના શું શું ફાયદા છે?

૨ જે અજાયબ જેવી ચીજો તમો જુઓછો તે વિષે તમે વાત કરોછો; તમે કહોછો કે સુરજ ચકચકીત રીતે પ્રકાશેછે; મને તો તેની ગરમી લાગેછે, પણ સૂરજ વડે દહાડો અથવા રાત કેમ થતી હશે?

૩ જ્યારે હું ગીત ગાઊંછું ત્યારે દહાડો, અને ઊંઘુંછું ત્યારે રાત્ર મારી મેળે સમજુંછું; અને જો હું કદી હંમેશાં જાગ્યાજ કરૂં, તો મારા મનથી તો બધો વખત દીવસજ હોય.

૪ ઉપાય થઇ ન શકે એવા મારા દુઃખ ઉપર ભારે દલગીરી સાથે શોક કરતાં હું તમને વારંવાર સાંભળુંછું; પણ જે ચીજની ખોટ વિષે મને ખબરજ નથી, તે ચીજની ખુટ હું ધિરજથી ખમી શકીશ એવું ખાતરીથી જાણજો.

૫ ત્યારે જે ચીજ મને મળી શકવાની નથી, તે ચીજ મેળ-વવાની ઇચ્છા કરીને મારા મનની શાંતીનો નાશ થવા દેવો ન જોઇએ;

જ્યારે હું આ પ્રમાણે ગીત ગાંઉછું, ત્યારે જો કે હું આંધળો છોકરો છું, તોપણ પોતાના મનથી હું પોતાને રાજા જેવો સુખી સમજુંછું.

સાર—પોતે ઊંઘેછે ત્યારે રાત્ર, અને પોતે જાગેછે અને ગીત ગાયછે ત્યારે દહાડો સમજેછે, તેથી એક ગરીબ આંધળો છોકરો પુછેછે, કે સુંર્યથી દહાડો અને રાત કેમ થતી હશે. પછી તે પોતાના મિત્રોને પોતાના અંધાપા વિષે શોક ન કરવા માટે કહેછે; કારણકે જે ચીજની ખુટ વિષે તેને ખબરજ નથી તે ખુટ તે ધિરજથી ખમી શકશે.

TRY AGAIN.

ફરીથી કોશેશ કરો અથવા ઉમંગનાં પરિણામ વિષે.

પોતાના દીકરા **જ્યૉર્જે** પોતાની ચોપડી એક કોરે મૂકી દીધી હતી, અને કાગલનું પતંગ બનાવવામાં બહુ મંડી ગયો હતો, તેને **મો૦ પ્રૅન્ટિસે** પુછ્યું, '**જ્યૉર્જ**! તમોએ તમારો પાઠ પૂરો કર્યોછે?' **જ્યૉર્જે** પોતાનું માથું નીચુંજ રાખીને કહ્યું, 'ના, બાપા! નથી પૂરો કર્યો.' બાપે પૂછ્યું, 'દીકરા! કેમ પૂરો ન કર્યો?' 'મેં પૂરો ન કર્યો તેનું કારણ એ છે, બાપા! કે તે પાઠ ઘણોજ અઘરો છે. મારી ખાતરી છે કે હું તે પાઠ કદી શીખી શકવાનો નથી. એ ઉપરાંત તે પાઠ હું શીખું ત્યારપછી તે મને યાદ રહેવાનો નહિ, કારણ કે મારી યાદદાસ્તશક્તિ ઘણી ખરાબ છે.' બાપે કહ્યું, "અરે! મારા વહાલા દીકરા! તમારા મનનાં આ ખોટો ખ્યાલ ભરાયોછે. જો તમો પાઠ કરવાની કોશેશ માત્ર કરો, તો બીજા છોકરાની માફક તમો પણ તમારો પાઠ શીખી શકો." **જ્યૉર્જે** ફરીથી આગ્રહથી કહ્યું, 'પણ

બાપા! મેં શું કોશેશ નથી કરી'? બાપે કહ્યું, "કાંઇ નહિ; એકવાર ફરીથી કોશેશ કરો. ઉલટ પકડો, અને તે પાઠ તમો જલદીથી શીખી જશો. તે કામ કરવામાં માત્ર ખંતીલાપણાની જરૂરછે, એવું તમને બતાવી આપવાને તમારી આગળ હું એક વાત કહીશ. ત્રીશ કરતાં વધારે વર્ષની વાત ઉપર ગાંમડાંની નિશાળમાંના આળસુ છોકરાઓમાંનો એક છોકરો પોતાનો પાઠ એક સવારે બોલવા ઉઠયો અને હંમેશાં જેમ ન આવડતો, તેમ તેને તે પાઠ આવડયો નહિ. શિક્ષકે ગુસ્સાથી કહ્યું 'તમારી જગાએ જાઓ. જો તમો તમારા પાઠ કરવામાં વધારે ધ્યાન ન આપશો, તો મોટપણે કોડીને કામના થશો નહિ.' તે ગરીબ છોકરો પોતાની જગા તરફ નીચું માથું રાખીને ચાલી ગયો; અને ફરીથી પાઠ વાંચવામાં નજર રાખી. તેણે પોતાનો સોબતી જે પાસે બેઠો હતો તેને આસ્તેથી કહ્યું, 'મારાથી આ પાઠ શીખાવાનો નથી.' તે માયાળુ સોબતીએ કહ્યું, 'તમારે ખંતપણાથી તે પાઠ કરવા માટે કોશેશ કરવી જોઇએ.' 'મેં કોશેશ તો કરીછે, પણ તે ફોકટ ગઇછેઃ એકદમ હું પાઠ કરવો પડતો મૂકું તો વધારે સારૂં.' તેના સોબતીએ કહ્યું 'હૅન્રિ! ફરીથી કોશેશ કરો.' એ બે નાના શબ્દથી તેને નવી ઉલટ આવી, અને તેણે પાઠ કરવા પર ફરીથી ધ્યાન લગાડયું. તેને માલુમ પડયું કે વાકયો કડકે કડકે તેને યાદ રહ્યાં, અને જલદીથી જ્યારે આખો પાઠ બરાબર શીખ્યો, ત્યારે તેને અજાયબી તેમજ ખુશાલી લાગી. પછી તે પોતાની જગાએથી ઊઠયો અને શિક્ષકની મેજ આગળ ગયો. શિક્ષકે પૂછયું, 'કેમ, છોકરા! તમે શું કહેવા માગોછો'? તે બોલ્યો, 'સાહેબ! હું મારો પાઠ બોલવા માગુંછું.' શિક્ષકે પૂછયું, 'પણ અરધો કલાક અગાઉ તમોએ પાઠ બોલવાની કોશેશ કરી હતી કે નહિ? તે છોકરાએ કહ્યું, 'હા, સાહેબ! મેં કોશેશ કરી હતી, અને બોલી શકયો નહિ. પણ હમણાં હું તે

પાઠ બોલી જઈશ.' શિક્ષકે કહ્યું, 'બોલી જાઓ ત્યારે.' હૅન્ત્રિએ બોલવાનું શરૂ કર્યું, અને એક પણ શબ્દ ચુકી જયા વિના આખો પાઠ બોલી ગયો. જ્યારે શિક્ષકે તેની ચોપડી તેને પાછી આપી ત્યારે તેની તરફ ખુશાલી ભરેલા ચહેરાથી જોયું. મી० પ્રૅન્ટિસે બોલવાનું ચાલુ રાખ્યું કે તે દહાડેથી નિશાળમાં એવો કોઈ પણ છોકરો ન હતો, જે હૅન્ત્રિના કરતાં વધારે ઝડપથી પોતાના પાઠ શીખતો હતો. તે દહાડેથી તે અત્યારસુધી તે વિદ્યાર્થી છે, અને જેમ તેણે પોતે પાઠ શીખવા માટે ફરીથી કોશિશ કરી હતી, તેમ કરવાને તે પોતાના દીકરા જ્યૉર્જને હમણાં આગ્રહ કરેછે." તે દીકરાએ પોતાના બાપના ચહેરા તરફ આતુરતાથી જોઈને પુછયું, 'બાપા! તે છોકરા ખરેખર તમે પોતે હતા? બાપે જવાબ દીધો. હા, દીકરા! પોતાના બચપણમાં જે છોકરો આળસુ હતો તે તમારો બાપજ. ત્યારે જ્યૉર્જે દૃઢ અવાજે કહ્યું, જો એમજ છે તો હું પણ ફરીથી કોશિશ કરીશ; અને તે અરધું બનાવેલું પતંગ એક કોરે ફેંકી દઈને પાછો વળીને ઘરમાં આવ્યો, અને જલદીથી પોતાનો પાઠ કરવામાં ગુતાયો. જ્યારે કુટુંબનાં સઘળાં માણસો ચા પીવા માટે મેજ પાસે આવ્યાં, ત્યારે મી० પ્રૅન્ટિસે પૂછયું, કેમ, જ્યૉર્જ! તમે તમારા કામમાં પાર પડયાછો કે? તે છોકરાએ જવાબ આપ્યો, 'બાપા, હું મારો પાઠ શીખ્યોછું. તમારી આગળ હું તેનો શબ્દે શબ્દ બોલી જઈ શકીશ.' 'તમને તે પાઠ કરવો અઘરો લાગ્યો કે'? 'એક વખત મેં ઠરાવજ કર્યો. કે મારે તે પાઠ શીખવો, ત્યારપછી મને તે પહેલાંની પેઠે કઠણ લાગ્યો નહિ. ખરેખર, જે પ્રમાણે હું હંમેશાં પાઠ અઘરો છે એવો વિચાર કરવાને થોભ્યોછું, તેમ થોભ્યો નહિ; પણ દરેક વાક્ય બરાબર શીખ્યો ત્યાંસુધી આગળ બોલ્યાજ કર્યો. મી० પ્રૅન્ટિસે કહ્યું, "હું ઇચ્છુંછું કે તમે આ શીખામણ કદી ભૂલશો નહિ. હરેક કામમાં

પાર પડવાની છુપી વાત હવે તમે જાણીછે. કોઈ પણ કામ મુશ્કેલ અથવા કંટાળા ભરેલુંછે એવો વિચાર કરવાને થોભવું નહિ, પણ કડકે કડકે કરીને તે પાર મૂકવું, એમાં તે છુપી વાત સમાયલીછે."

સાર—એક છોકરાએ કહ્યું કે હું મારા પાઠ શીખી શકતો નથી, અથવા શીખી રહ્યા પછી મને તે યાદ રહેતા નથી. તેના મનમાં એ ખોટો વિચાર પેશી ગયોછે, અને પાઠ શીખવામાં માત્ર ખંતપણુંજ જોઇએછે, તે દેખાડી આપવાને તેના બાપે પોતાના બાળપણની એક વાત તેની આગળ કહી. જ્યારે તે પોતે નાનો છોકરો હતો ત્યારે તે આળસુ અને સુસ્ત હતો. એક વેળા તેના એક સોબતીએ તેને પાઠ કરવાને ફરીથી કોશિશ કરવાને માટે આગ્રહ કર્યો હતો. તેણે તે પ્રમાણે કોશિશ કરી, અને તે વખતે પોતાની ધારણામાં પાર પડયો એટલુંજ નહિ, પણ ત્યારપછી દરેક કામમાં તે પાર પડયો. જ્યૉર્જે તે ઈસારા ઉપરથી ફાયદો મેળવ્યો, અને જેમ તેના બાપ દરેક કામમાં પાર પડયા હતા તેમ તે પણ પાર પડયો.

ELEPHANT STORIES.

હાથીની વાર્તા.

એક અંગ્રેજ જેણે હિંદુસ્તાનના ઘણા ભાગમાં મુસાફરી કરી હતી તે કહેછે કે, "મેં હાથી ઉપર બેસીને લાંબી મંજલો કાપી હતી; અને જ્યારેખી હું કોઈ પણ ચીજ અથવા ઈમારતનું ચિત્ર કાઢવાને ઈચ્છતો, ત્યારે જ્યાંસુધી તે ચિત્ર પૂરૂં થાય ત્યાંસુધી તે ગરીબ પ્રાણી તદન શાંતરીતે ઊભું રહેતું. જે કેરી મારાથી તોડાય નહિ એટલે ઊંચે ઉગી હોય, તે કેરી લેવાનું જ્યારે મને મન થતું, ત્યારે તે ઘણી કેરી

લાગેલી ડાંખળી પસંદ કરતો, તેને તોડી નાખતો, અને પોતાની સુંઢ વડે તે મને આપતો. કોઈ વેળા હું થોડી કેરી તેને ખાવા માટે આપતો; અને ત્રણવાર પોતાની સુંઢ માથા તરફ ઊંચકતી વખતે ધીમો બડબડ કરવાનો અવાજ કરીને તે મારો ઉપકાર માનતો. જ્યારે મને રસ્તે જતાં અડચણ કરે એવી ડાળીઓ આવતી, ત્યારે પોતાની સુંઢ તે ડાળીઓની આસપાસ વીંટાળીને તેઓને તે તરતજ તોડી નાખતો; પણ તે વારંવાર પોતાના ઉપયોગને માટે ઝાડની પાંદડાંવાળી એક ડાળી તોડતો, અને માખીઓને ઉડાડવાને તે ડાળીને પોતાની સુંઢ વડે આમતામ હલાવીને પંખા તરીકે વાપરતો. જ્યારે સવારમાં હું નાસતો લેતો હોવું, ત્યારે મારી વખાણથી ખુશી થવાને અને શેરડી તથા શાકર મેળવવાને તે હંમેશાં તંબુના દરવાજા આગળ આવતો."

એક હાથીને એક પુલ ઉપરથી પસાર થવાની ટેવ હતી, જે પુલ ઉપરથી થઇને તેના ધણીના ઘર આગળથી હિંદુસ્તાનના એક શહેરમાં જવાતું હતું. એક દિવસે તેણે તે પુલ ઉપર જવાની આનાકાની કરી; અને જ્યાંસૂધી તેને લોહી નીકળે એવી ક્રૂરતાથી ભાલો ભોકયો, ત્યાંસુધી તેણે તે પુલ ઉપર જવાની હિમ્મત કીધી નહિ; જે પુલની મજબુતી વિષે જાણે તેને કાંઈ શક આવતો હોય, એવું દેખાડવાને પોતાની સુઢ વડે પહેલાં તેની મજબુતીની તપાસ લીધી. આખરે તે આગળ ચાલ્યો; પણ તે પુલ વટાવી ગયો, તે પહેલાં તે પુલ ભાંગ્યો, અને તે હાથી અને હાંકનાર બંને ખાડામાં પડયા. પડવાથી હાંકનાર મરી ગયો, અને હાથીને બહુ ઈજા થઈ.

હિંદુસ્તાનના એક શહેરમાં એક ગરીબ બાઇડીની દુકાન બજારમાં હતી, જ્યાં તે મેવા વેચતી હતી. એક હાથીને તે દુકાનની પાસેથી જવાની ટેવ પડી હતી; અને હંમેશાં તે દુકાનમાં મૂકેલી ચીજો જોવાને ઊભો રહેતો હતો. તે હાથીને મેવો ઘણો ભાવતો હતો, એ વાત તે દુકાનદાર બાઇડીને ખબર હતી, અને વારંવાર તેને થોડો મેવો આપતી હતી. એક દહાડો તે હાથી પોતાના રખેવાળ ઉપર ગુસ્સે ભરાયો. તેણે સાંકળ તોડી નાખી, અને પોતાની આગળ જે પણ હોય તેને કચડી નાખતો બજારમાંથી નાશવા લાગ્યો. દુકાનદારો બને તેટલી ઝડપથી દુકાન છોડીને નાઠા. તે ગરીબ બાઇડી પણ પોતાની દુકાન છોડીને નાઠી; પણ પોતાનું બચ્ચું જે જમીન ઉપર દુકાનની નજદીક બેઠું હતું, તેને પોતાના ગભરાટને લીધે ઊંચકી લેતાં ભૂલી ગઈ. હાથી તેને કચડી નાખે એવી રીતે તે બચ્ચું બેઠેલું હતું; અને તે કચડાઇને મરણ પામ્યું હશે એવું તમો ધારશો. પણ તે હાથીએ તે બાળકને ફરીથી ઓળખ્યું; અને જે દુકાનમાંથી તેને મેવો ખવાડવામાં આવતો હતો તે તેજ દુકાન હતી એવું તેણે જાણ્યું. જો કે તે ગુસ્સે થએલો હતો તે છતાં તે ઊભો રહી ગયો. તેણે તે છોકરાંને દીઠું, અને પોતાની સુંઢ વડે તેને ઊંચકી લીધું. ત્યારપછી તેણે તેને રસ્તાની બાજુએ મૂક્યું, અને આગળ ચાલ્યો. પોતાનાં બચ્ચાંને સલામત જોઇને તે મા ઘણીજ ખુશી થઈ.

સાર—એક અંગ્રેજ પાસે એક હાથી હતો, જે હાથી જ્યારે તે અંગ્રેજ કોઈ ચીજનું ચિત્ર કાઢવાને ચહાતો, ત્યારે તદ્દન શાંત રીતે ઊભો રહેતો; અને જ્યારે તેઓ રસ્તેથી જતા, ત્યારે તેને મેવો તોડી આપતો.—એક હાથીએ એક પુલ જોખમાયલો ધારીને તે ઉપરથી જવાની આનાકાની કરી. તેના હાંકનારે તેને તે ઉપરથી જવાની ફરજ પાડી. પુલ ભાંગી ગયો અને હાંકનાર માર્યો ગયો.—એક દહાડે એક

હાથી પોતાના રખેવાળ પાસેથી નાશી ગયો. તેણે પોતાની આગળ જે કાંઈ આવ્યું તે કચરડી નાખ્યું, તોપણ એક બાળકને પોતાના રસ્તામાંથી બાજુપર મૂકવાને તે ઊભો રહી ગયો.

STORY OF A SCOTTISH SHEPHERD BOY.—I

સ્કૉટલાંડમાં વસતા ભરવાડના છોકરાની વાર્તા—ભાગ પહેલો.

ઘણાં વર્ષ અગાઉ એક ભરવાડ પોતાની બાઇડી અને દશેક વર્ષની ઉમરના પોતાના એકપૂરા દીકરા સાથે સ્કૉટલાંડના પહાડામાં રહેતો હતો. જે ઝુપડામાં તેઓ રહેતા હતા તે ઝુપડું કોઈ પણ ધોરી રસ્તાથી ઘણે દૂરની ખીણમાં હતું. એક સાંજે તે છોકરાનાં માતાજી બહુ આજારી પડયાં. તે દીસેમ્બર મહિનાની શાંત સાંજ હતી. પવન વાતો ન હતો, પણ ચોમેર ધીમે ધીમે બરફ પડવા માંડયો હતો. પોતાની બાઈડીને માટે કાંઈ દવા લાવવા માટે ગામમાં જવાની ધારણાથી તે ભરવાડ પોતાની લાંબી લાકડી કાઢી. તે છોકરાએ કહ્યું, 'બાપા! ખીણમાંનો મેઢાં લઈ જવાનો રસ્તો જેવી સારી રીતે તમો જાણોછો તેવી રીતે હું પણ જાણુંછું. મને વૈદને ત્યાં જવા દો, અને તમો માતાજીની આગળ રહો. આએ રસ્તે શૅગ મારી આગળ આગળ ચાલશે, તેથી હું સલામત પહોંચીશ અને આવીશ.' તેણે કહ્યું તે બાપે કબૂલ કીધું; અને તે છોકરો જલદીથી પોતાને સોંપેલું કામ કરવા ગયો. તે હિમ્મતવાન છોકરો હતો. ઘણા બચપણથી તેને પહાડામાં જવાની ટેવ હવી, અને તેને દર લાગતો ન હતો. પોતાની પૂછડી હલાવતો અને ટેકડીની બાજુએ ઘણી ખુશીથી કૂદકા મારતો શૅગ પોતાના નાના ધણી આગળ ચાલ્યો. તે

છોકરો સહી સલામત આગળ ચાલ્યો, અને આખરે ગામમાં આવી પહોંચ્યો. તેણે વૈદની મુલાકાત લીધી, અને પોતાનાં માતાજીને માટે જે દવા જોઇતી હતી તે લીધા પછી તે પાછો ઘર જવા નીકળ્યો. બરફ પડવો ચાલુ રહ્યો; પણ ખીણમાંના પોતાના ઝુંપડામાં જલદીથી પહોંચવાની આશામાં તે છોકરો હિમ્મતથી આગળ ચાલ્યો. તે સાંકડા રસ્તાની દરેક ગલીમાં વળતાં તે ગલી જવાય એવીછે કે નહિ, તેની જાણે ખાતરી કરતો હોય તેમ શૉગ આગળ આગળ ચાલ્યો. તે એકાએક ચાલતો અટકી ગયો, અને ચોતરફ સુંઘવા અને ફુંફાડા મારવા લાગ્યો. તેના નાના ધણીએ કહ્યું, 'શૉગ ચાલ.' પણ તે કૂતરાએ ત્યાંથી હાલવાની પણ મરજી દેખાડી નહિ. તે છોકરાએ તેને ફરીથી આગળ ચાલવા કહ્યું. આ પહેલીવારજ તેની આખી જીંદગીમાં શૉગ હઠીલો થયો; અને પોતાના નિમકહલાલ કૂતરાના ચેતવણી આપનારા ભસવા ઉપર લક્ષ આપ્યા વગર તે છોકરો છેવટે એકલોજ આગળ ચાલ્યો. તે હજી તો ઘણાં પગલાં ચાલ્યો ન હતો, એટલામાં જે ઊભી ટેકડી બરફના ઢગલાથી ઢંકાઈ ગઈ હતી, તે ઉપરથી નીચે પડી ગયો. ઘણા કલાક વહી ગયા, અને તે ભરવાડ તથા તેની બાઇડી પોતાનો દીકરો પાછો આવવાનો હતો તેની રાહ જોતાં જાગૃત રહ્યાં. પોતાનો દીકરો પાછો વળતાં બતીનું અજવાળું ખીણમાંથી ઉપર ચઢતાં જુવે, એવી આશાથી જે બતી તે બાપે બારીમાં મૂકી હતી, તે બતીની ગુલ તે વારંવાર કાપતો હતો; આતશ ઉપર લાકડાં ગોઠવતો, અને જો કે આખરે તેને ભય ઉત્પન્ન થયું, કે કાંઈ માઠો બનાવ બન્યો હશે, તોપણ તે પોતાની બાઇડીને દિલાસો આપતો હતો. વારંવાર તે બારણા આગળ જતો, પણ તેને કોઇનો અવાજ સંભળાતો ન હતો, અને બરફનાં મોટાં મેદાન ઉપર કોઇપણ ચાલતો હોય તેનો આકાર તેની નજરે પડતો ન હતો. તે

છોકરાની ગરીબ મા બોલી, 'કદાચ વૈદ ઘરમાં ન હશે અને તેથી, તે તેની રાહ જોતો બેઠો હશે.' પોતાનો દીકરો પાછો ન આવ્યો, તેથી તેણી એટલી બેચેન થઇ ગઈ, કે લગભગ પોતાનું દુઃખ ભૂલી ગઇ. જ્યારે નિમકહલાલ શૉગનું ભસવું જે તેઓને ઓળખાતું હતું તે ઝુપડાના બારણા આગળ સંભળાયું, ત્યારે લગભગ મધરાત થવા આવી હતી. એકીવારે માબાપ બંને બોલી ઉઠયાં, 'મારા દીકરા! મારા દીકરા'! ઝુપડાનું બારણું ઉઘાડયું, અને શૉગ અંદર દાખલ થયો, પણ તેનો ધણી તેની સાથે આવ્યો ન હતો. તે મા બોલી, 'મારો ગરીબ દીકરો બરફમાં મરી ગયોછે.' પણ જ્યારે તેણી બોલી તેજ વખતે તે બાપે તે કુતરાની ગરદને બાંધેલું નાનું પડીકું જોયું. તેણે તે પડીકું છોડી લીધું અને બોલ્યો, 'નહિ, આપણો દીકરો મરી ગયો નથી; તેના રૂમાલમાં બાંધેલી દવા આ રહી; તેને કાંઈ ઈજા થઇછે, અથવા તે ખીણમાંના કોઇ ખાડામાં પડી ગયોછે. મારે જઇને તેને શોધી લાવવો જોઇએ. મદદને માટે પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખો, અને હું પાછો આવું ત્યાંસૂધી ધીરજ રાખજો. તે ભરવાડે જલદીથી ગરમ લુગડાં પહેરી લીધાં, અને પોતાના દીકરાને શોધવા જવા માટે તૈયાર થયો. એક પળમાં શૉગ ઉઠયો, અને જ્યારે તે ભરવાડ ઝુપડામાંથી બહાર નીકળ્યો ત્યારે તેણે ઘણીજ ખુશાલી દેખાડી.

સાર—ભરવાડના એક છોકરાએ પોતાનાં બાપનો કૂતરો પોતાની સાથે લીધો, અને એક સાંજે પોતાના માતાજીને માટે દવા લાવવાને બરફમાંથી થઇને ગયો. મોડી રાત્રે તે કુતરો પોતાને ગળે રૂમાલમાં દવા બાંધી હતી તે સાથે એકલો પાછો આવ્યો.

STORY OF A SOTTISH SHEPHERD BOY.—II.

સ્કૅાટલાંડમાં વસતા ભરવાડના છોકરાની વાર્તા.—ભાગ બીજો.

તે ગરીબ મા પોતાના પહાડી રહેઠાણમાં એકલી રાહા જોતી જાગૃત રહી. બરફ તે ઝુપડાની ચોતરફ પડતો અને પવન વાતો, તેથી તેણીને કોઈ વેળા એવી ધાસ્તી પડતી, કે રખેને મારો ધણી પણ ખીણમાં મરી જાય. તેણીને લાગ્યું કે પોતાના ધણી અને દીકરા એ બંનેની જીંદગાનીનો આધાર એક કુતરાની અક્કલ ઉપર હતો. પણ તેણી જાણતી હતી કે પરમેશ્વર તે કુતરાને સીધો રસ્તો બતાવશે અને તેણીએ જ્યારે પરમેશ્વરની મદદની તેણીને ઘણી જરૂર હતી, ત્યારે તે મદદને માટે અંતઃકરણથી પ્રાર્થના કરી. શૅાગ ખીણમાંથી નીચે ઉતરવા આગળ ચાલ્યો; અને જ્યારે તેઓ ઝુપડાથી થોડે દૂર ગયા, ત્યારે શૅાગ એકાએક એક ગલીમાં ફરી ગયો, જ્યાંથી થઇને જે ટેકડી ઉપરથી તે ભરવાડનો દીકરો પડી ગયો હતો, તે ટેકડીની તળેટી આગળ જવાતું હતું. ઉતરાણ ઊભું અને ભયભરેલું હતું, અને થોડાંક બર્ચ નામનાં ઝાડો જે ખડકોની વચ્ચે ઉગ્યાં હતાં, તેની ડાંખળી પકડીને તે ભરવાડને વારંવાર આશરો લેવાની ફરજ પડતી હતી. સુભાગ્યે બરફ પડવો બંધ થયો હતો, અને વાદળાં વેરાઈ ગયાં હતાં, તથા આકાશમાં ચંદ્ર પૂર તેજથી પ્રકાશતો હતો. આખરે તે ભરવાડ ટેકડીની તળેટી આગળ આવી પહોંચ્યો. તેણે પોતાના છોકરાને હાક મારી, તેણે તાકીને જોયું, પણ તેણે કોઇનો અવાજ સાંભળ્યો નહિ, અથવા તે કોઇને જોઈ પણ શકયો નહિ. શૅાગ લગભગ ઊભી ટેકડી ઉપરથી થઇને નીચે ઉતરતો હતો; અને ગમે તેવું મોટું ભય આવી પડે, તોપણ તેની પાછળ ઉતરવા માટે તે ભરવાડે નિશ્ચય કર્યો. તળેટી આગ[illegible]ોંચ્યા પછી શૅાગ બરફમાં કાંઇ ચીજ પડેલી

હતી તે નખરીઆં વડે ખોદવા લાગ્યો, અને દલગીરી સાથે ભસવા લાગ્યો. પોતાના દીકરાનું મુવેલા-જેવું શરીર દેખાતું હતું તે શરીર તેના બાપે જોયું. પણ તે મરી ગએલો ન હતો; તે માત્ર બેભાન થઈ ગયો હતો. પોતાના હાથમાં તેને ઉપાડીને તેના શરીર ઉપર તેણે ગરમ ડુપટો વિંટાળ્યો. અને ચામડાના પટાથી પોતાને અંગે તેને આડો બાંધ્યો. મહા મુશ્કેલી સાથે તે ઊભું ચઢાણ ચઢી આવ્યો. જેમ બને તેમ કરીને તેણે ઝુંપડામાં જવાનો રસ્તો લીધો, જ્યાં સેવટે તે પોતાના ભારી બોજા સાથે આવી પહોંચ્યો. તે ગરીબ છોકરાને તેનાં માતા-જીના બીછાનામાં સૂવાડયો, અને મહા મહેનતે તેઓએ તેની બેશુદ્ધિ-માંથી તેને હોશિયાર કર્યો. તે ઘણો પછડાયો હતો પણ તેને બીજી કાંઇ ઈજા થઈ ન હતી. જ્યારે તે પડી ગયો ત્યારે શૉગ તેની પાછળ ઉતર્યો હતો; અને તે હિમ્મતવાન છોકરાએ પોતાના શરીરમાં જે થોડું જોર બાકી રહ્યું હતું, તે જોર વૈદનું પડીકું કુતરાની ડોકે બાંધ-વામાં અને તેને ઘર મોકલવામાં વાપર્યું. જ્યાંસૂધી શૉગ ઘરડો અને કાબરચીતરા વાળ સાથનો થયો, ત્યાંસૂધી તે ઝૂપડામાં રહ્યો. શિયાળાની તે ભયંકર સાંજે તેણે જે સેવા બજાવી હતી, તે માટે તેની ઉપર પ્યાર બતાવવામાં આવ્યો, અને તેની બરદાસ્ત લેવામાં આવી.

સાર—એક ભરવાડ પોતાના કુતરાની પાછળ જઇને પોતાનો દીકરો જે ટેકડી ઉપરથી નીચે પડી ગયો હતો તે ટેકડીને તળીએ તેને બેભાન પડેલો શોધી કાઢયો. પડી જવાથી તે છોકરાને જે ઈજા થઈ હતી તે ઈજામાંથી તે જલદીથી સાજો થયો. તે કુતરાની બર-દાસ્ત તે જ્યાંલગી જીવ્યો ત્યાંલગી લેવામાં આવી હતી.

સમાપ્ત.